પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ | વર્ષ : ૩૦ | અંક :૨૧ | કુલ પાના : ૪ | તારીખ : ૧૫-૦૯-૨૦૨૬ મંગળવાર | કિંમત રૂા.૧.૫૦/-

EDITOR,PRINTER PUBLISHER & OWNER:KARAN AJAYKUMAR PANCHAL,PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 | 9712880678 | panchmahalsamachar@gmail.com | panchmahalsamachar | panchmahalsamachar | w w w.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે HI લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

## ગુજરાતમાં ભારે વરસાદ વચ્ચે ચોમાસાની વિદાયના ભણકારા, હવામાન વિભાગે ખાસ સંકેત આપ્યા






અમદાવાદ

ગુજરાતમાં હાલ મેઘરાજા પૂરેપુરા મૂડમાં દેખાઈ રહ્યા છે. આગામી દિવસોમાં ભારે વરસાદની આગાહી સાથે વરસાદી માહોલ યથાવત્ રહેવાની હવામાન વિભાગની આગાહી કરવામાં આવી છે. તો બીજી તરફ ચોમાસાની વિદાયના ભણકારા પણ શરૂ થઈ ગયા છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, ૧૯ સપ્ટેમ્બર, ૨૦૨૬ની આસપાસ પશ્ચિમ રાજસ્થાનના કેટલાક ભાગોમાંથી નૈઋત્ય ચોમાસાની વિદાય માટે પરિસ્થિતિ અનુકૂળ બની રહી છે. એટલે કે આગામી પાંચ દિવસમાં દેશમાંથી ચોમાસાની પરત ફરવાની પ્રક્રિયાની શરૂઆત થઈ શકે છે.

હવામાન વિભાગે આપેલી માહિતી પ્રમાણે, હાલ દક્ષિણ-પૂર્વ રાજસ્થાન અને તેને અડીને આવેલા ઉત્તર ગુજરાત પર લો-પ્રેશર વિસ્તાર સક્રિય છે. તેની અસર હેઠળ આજે, ૧૪ સપ્ટેમ્બરે સૌરાષ્ટ્ર અને કચ્છમાં છૂટાછવાયા સ્થળોએ અત્યંત ભારે વરસાદ પડી શકે છે. જ્યારે ગુજરાતના અન્ય વિસ્તારોમાં પણ છૂટાછવાયા સ્થળોએ ખૂબ ભારે વરસાદની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. હાલની વરસાદી સિસ્ટમની અસરને કારણે ગુજરાતના વિવિધ વિસ્તારોમાં વરસાદી માહોલ યથાવત્ રહેશે. ખાસ કરીને સૌરાષ્ટ્ર-કચ્છમાં ભારે વરસાદની સ્થિતિ જોવા મળી શકે છે. બીજી તરફ, ચોમાસાની વિદાય માટેની પ્રક્રિયા શરૂ થવાની સંભાવનાને કારણે આગામી દિવસોમાં હવામાનમાં ધીમે ધીમે ફેરફાર જોવા મળી શકે છે.

સામાન્ય રીતે ચોમાસાની વિદાયની શરૂઆત પશ્ચિમ રાજસ્થાનથી થાય છે અને ત્યારબાદ ચોમાસું અન્ય વિસ્તારોમાંથી તબક્કાવાર પરત ફરતું જાય છે. આ વખતે પણ ૧૯ સપ્ટેમ્બરની આસપાસ પશ્ચિમ રાજસ્થાનના કેટલાક ભાગોમાંથી ચોમાસાની વિદાય શરૂ થવા માટે હવામાન અનુકૂળ બની રહ્યું છે. એટલે હાલ ગુજરાતમાં ભારે વરસાદની શક્યતા હોવા છતાં આગામી થોડા દિવસોમાં ચોમાસાની વિદાયની પ્રક્રિયા શરૂ થવાના સંકેતો મળી રહ્યા છે. જોકે, ગુજરાતમાંથી ચોમાસાને સંપૂર્ણપણે વિદાય લેવામાં થોડા દિવસો લાગી શકે છે. હાલ આ અંગે ચોક્કસ માહિતી સામે આવી નથી.

હવામાન વિભાગના અમદાવાદ કેન્દ્રએ આપેલી નવીનતમ માહિતી પ્રમાણે, ગુજરાતમાં આગામી સાત દિવસ વરસાદી માહોલ યથાવત રહેશે. ૨૦ સપ્ટેમ્બર સુધીમાં સાર્વત્રિક વરસાદ પડવાની આગાહી આપવામાં આવી છે. આ સાથે અનેક વિસ્તારોમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી આપવામાં આવી છે.

હવામાન વિભાગે મોરબી, સુરેન્દ્રનગર અને રાજકોટમાં રેડ એલર્ટ આપ્યું છે. આ ત્રણેય જિલ્લામાં ગાજવીજ સાથે છૂટાછવાયા સ્થળોએ અત્યંત ભારે વરસાદ પડી શકે છે. ભારે વરસાદની શક્યતાને ધ્યાનમાં રાખીને સ્થાનિક તંત્ર અને લોકોને સાવચેતી રાખવાની જરૂર છે. આજે અમદાવાદ, આણંદ, ભરૂચ, બોટાદ, ભાવનગર, અમરેલી, જુનાગઢ, ગીર સોમનાથ, પોરબંદર, દેવભૂમિ દ્વારકા, જામનગર, કચ્છ, વાવ-થરાદ, બનાસકાંઠા, પાટણ અને મહેસાણા જિલ્લામાં ઓરેન્જ એલર્ટ આપવામાં આવ્યું છે. આ વિસ્તારોમાં ભારેથી અતિભારે વરસાદ પડવાની શક્યતા હવામાન વિભાગે વ્યક્ત કરી છે. જ્યારે સાબરકાંઠા, અરવલ્લી, ગાંધીનગર, ખેડા, વડોદરા, સુરત, નવસારી અને વલસાડ જિલ્લામાં યલો એલર્ટ આપવામાં આવ્યું છે. આ જિલ્લાઓમાં છૂટાછવાયા સ્થળોએ ભારે વરસાદ પડી શકે છે. રાજ્યના બાકીના જિલ્લાઓમાં પણ ગાજવીજ સાથે સામાન્ય વરસાદની આગાહી કરવામાં આવી છે.

## મેઘરાજાએ અમદાવાદને બાનમાં લીધુ! નીચાણવાળા વિસ્તારોમાં ભરાવવા લાગ્યા પાણી




અમદાવાદ

પૂર્વ અને પશ્ચિમ અમદાવાદના અનેક વિસ્તારો ભારે વરસાદના પગલે જળબંબાકાર થઈ ગયા છે. સતત ધોધમાર વરસાદના કારમે નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવવાની શરૂઆત થઈ છે. પાણી ભરાતા મીઠાખળી અંડર પાસ બંધ કરાયો હોવાની પણ માહિતી છે. સાવચેતીના ભાગ રૂપે આ અંડપાસ બંધ કરાયો. અમદાવાદ સહિત અનેક જિલ્લાઓમાં હજુ પણ ભારે વરસાદનું એલર્ટ છે.

અમદાવાદમાં આજે સવારથી જ વળી પાછો ધોળે દિવસે અંધારપટ છવાયેલો હોવાનો માહોલ જોવા મળ્યો છે. સતત ધુમ્મસના કારણે વિઝિબિલિટી પણ અસર પામી છે.

અમદાવાદમાં સવારથી વરસાદી માહોલ જામેલો છે. પૂર્વ અને પશ્ચિમ વિસ્તારોમાં ધોધમાર વરસાદ પડી રહ્યો છે. આ બધા વચ્ચે વાસણા બેરેજના દરવાજા ૧.૫ ફૂટ ખોલી નાખવામાં આવ્યા છે. ૪૭૩૭ ક્યુસક પાણી નદીમાં છોડવામાં આવતા નદી કિનારાના ગામોને એલર્ટ કરવામાં આવ્યા છે.

જીવરાજપાર્ક, વેજલપુર, વાસણા, પ્રહલાદનગર, શિવરંજની, સેટેલાઈટમાં ધોધમાર વરસાદ જોવા મળ્યો છે. એસજી હાઈવે, બોડકેદેવ વિસ્તારમાં પણ વરસાદ છે. ઓઢવ, બાપુનગર, સહિત પૂર્વમાં ધમાકેદાર વરસાદ છે. ભારે વરસાદના કારણે અનેક વિસ્તારો પાણી પાણી થયા છે. રસ્તાઓ જળબંબાકાર થયા છે.

અમદાવાદના અનેક નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવવાની શરૂઆત થઈ ગઈ છે. અમદાવાદ પૂર્વ અને પશ્ચિમ ના વિસ્તારોમાં પાણી ભરાવવા લાગ્યા છે. થલતેજ, એસજી હાઈવે, દાણીલીમડા, પોશ વિસ્તાર પ્રહલાદનગર વગેરે જગ્યાએ પાણી ભરાવવાની શરૂઆત થઈ ગઈ છે. પાણી ભરાવવાના કારણે ઠેર ઠેર વાહનચાલકો હેરાન પરેશાન થઈ રહ્યા છે.

રાજ્યમાં ફરી એકવાર મેઘરાજાની જોરદાર બેટિંગ જોવા મળી રહી છે. ગત રાત્રિથી વરસાદી માહોલ જામેલો છે. હજુ પણ અમદાવાદ, ગાંધીનગર સહિત ૧૯ જિલ્લામાં વરસાદનું રેડ અલર્ટ અપાયું છે. ભારે પવન અને ગાજવીજ સાથે વરસાદ વરસશે. ગાજવીજ સાથે ધોધમાર વરસાદ પડતા રસ્તાઓ પાણીમાં ડૂબાડૂબ જોવા મળી રહ્યા છે.

## ગાંધીનગરમાં બોમ્બ બ્લાસ્ટની ધમકી કેસમાં મોટો ખુલાસો: બાંગ્લાદેશ કનેક્શન અને ક્રિપ્ટો ફંડિંગ સાથે મુખ્ય સૂત્રધાર ઝારખંડથી ઝડપાયો



ગાંધીનગર

ગુજરાતની સુરક્ષા વ્યવસ્થાને હચમચાવી દેવાની ધમકીના કેસમાં મોટો ખુલાસો થયો છે! મુખ્યમંત્રી કાર્યાલય એટલે કે સીએમઓ અને વિધાનસભા સહિતના સંવેદનશીલ ભવનોને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી પાછળ બાંગ્લાદેશ કનેક્શન સામે આવ્યું હોવાનો પોલીસનો દાવો છે.

૧૦ સપ્ટેમ્બરે ગુજરાતનું પાટનગર ગાંધીનગર અને સચિવાલય બોમ્બ બ્લાસ્ટની ધમકીથી ધણધણી ઉઠ્યું હતું...એક એન્ટી નેશનલ ઈમેલ મળતા જ સમગ્ર સુરક્ષા તંત્ર એલર્ટ મોડ પર આવી ગયું હતું...ગુજરાતના સૌથી વીઆઈપી ભવનોને ઉડાવી દેવાની આ ધમકી કોઈ નાનું-મોટું કૃત્ય નહોતું, પરંતુ દેશ વિરોધી તત્વોનું એક બહુ મોટું કાવતરું હતું.

ગુજરાત સાયબર સેલ ઓફ એક્સલન્સે આ થ્રેટ મેલનું લોકેશન ટ્રેસ કરીને ગણતરીના દિવસોમાં બિહારના ભાગલપુરથી રોશન કુમાર નામના શખ્સને દબોચી લીધો હતો. જેની પૂછપરછમાં આખી ગેંગના મુખ્ય આરોપી ગુલશન કુમારનું નામ ખુલ્યું હતું. સાયબર સેલે કડક ઓપરેશન ચલાવીને મુખ્ય સૂત્રધાર ગુલશન કુમારની ઝારખંડથી ધરપકડ કરી લીધી છે.

પોલીસ તપાસમાં જે ચોંકાવનારો ખુલાસો થયો છે, તે સાંભળીને દેશની સુરક્ષા એજન્સીઓ પણ ચોંકી ગઈ છે. મુખ્ય આરોપી ગુલશન કુમારે એક-બે નહીં, પરંતુ ૫ લાખથી વધુ ડમી ઈમેલ આઈડી બનાવ્યા હતા...આ ઈમેલ આઈડી તે બાંગ્લાદેશના આતંકી અને દેશવિરોધી તત્વોને મોકલતો હતો, અને ત્યાંથી આ ઈ-મેઈલનો ઉપયોગ ભારતમાં ધમકીઓ આપવા માટે થતો હતો..આ કામ માટે ગુલશન કુમારને ક્રિપ્ટો વોલેટમાં વિદેશી ફંડિંગ મળતું હતું!

ગુલશન કુમાર વર્ષ ૨૦૨૨થી આ દેશવિરોધી ગેંગ સાથે જોડાઈને ડાર્ક વેબ જેવી પ્રવૃત્તિઓ કરી રહ્યો હતો... હાલ તેની પાસેથી ૨ ક્રિપ્ટો વોલેટ મળી આવ્યા છે.

બાંગ્લાદેશના હેન્ડલર્સ સાથે તે કઈ રીતે સંપર્કમાં આવ્યો, તેને કેટલા પૈસા ચૂકવાયા અને અત્યાર સુધી કેટલા ભયાનક મેઈલ કરવામાં આવ્યા છે તેની ઊંડી તપાસ ચાલી રહી છે...સાયબર સેલની આ ત્વરિત કાર્યવાહીએ ગુજરાત પર મંડરાતા એક મોટા જોખમને સમયસર ટાળી દીધું છે.

## સિંહોની સુરક્ષા માટે એઆઈનો સહારો: ગાંધીનગરમાં બનશે કમાન્ડ સેન્ટર, રેલવે ટ્રેકથી જંગલ સુધી વન્યજીવોની હિલચાલ પર રહેશે નજર



ગાંધીનગર

ગુજરાતમાં હવે સિંહ સહિતના વન્યજીવોની સુરક્ષા માટે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ) આધારિત સર્વેલન્સ સિસ્ટમ ઊભી કરવામાં આવી રહી છે. ગાંધીનગરમાં બની રહેલું કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર (સીસીસી) રાજ્યના સંરક્ષિત વિસ્તારોમાં વન્યજીવોની હિલચાલ પર નજર રાખશે. વિવિધ ફીડ અને સીસીટીવી નેટવર્ક મારફતે મળતી માહિતીથી અકસ્માત કે અસામાન્ય હિલચાલની જાણકારી તાત્કાલિક મળી શકશે.

વન વિભાગ ડ્રોન તથા એઆઈ આધારિત કેમેરા નેટવર્કનો પણ ઉપયોગ કરશે. ખાસ કરીને ગીર અને આસપાસના વિસ્તારોમાં માનવ-વન્યજીવ સંઘર્ષ ઘટાડવા માટે આ ટેક્નોલોજી મદદરૂપ બનશે. જંગલમાં કોઈ પ્રાણીની હિલચાલ, પ્રજાતિની સંખ્યામાં ફેરફાર કે અન્ય અસામાન્ય પ્રવૃત્તિ જણાય તો તેના આધારે તાત્કાલિક કાર્યવાહી કરી શકાશે.

રેલવેના સર્વેલન્સ નેટવર્કને પણ સીસીસી સાથે જોડવામાં આવશે. રેલવેના ટ્રેક, પુલ અને અંડરપાસ પર સીસીટીવી, ઈન્ટ્રૂઝન ડિટેક્શન સિસ્ટમ અને ઓપ્ટિકલ ફાઈબર સેન્સિંગ જેવી ટેક્નોલોજીથી સિંહની હિલચાલ પર નજર રાખવામાં આવશે. ખાસ કરીને અમરેલીના લિલિયા-સાવરકુંડલા રેલવે વિભાગમાં ઓપ્ટિકલ ફાઈબર કેબલ બિછાવવામાં આવી હોવાનું જણાવાયું છે. વન વિભાગના જણાવ્યા મુજબ ૨૦૧૪થી ૨૦૨૪ દરમિયાન સૌરાષ્ટ્રમાંથી પસાર થતી ટ્રેનોની ટક્કરમાં ૧૯ સિંહનાં મોત થયા હતા. હવે નવી ટેક્નોલોજીથી આવી દુર્ઘટનાઓ અટકાવવાનો પ્રયાસ થશે.

ગુજરાત વિશ્વમાં એશિયાટિક સિંહનું એકમાત્ર કુદરતી નિવાસસ્થાન છે. છેલ્લા બે દાયકાથી રાજ્યમાં સિંહની સંખ્યા સતત વધી રહી છે અને છેલ્લી વસતી ગણતરીમાં ૧૧ જિલ્લામાં કુલ ૮૯૧ સિંહ નોંધાયા હતા. ગીર નેશનલ પાર્ક અને એશિયાટિક સિંહના કોર તથા સંરક્ષિત વિસ્તારો ઉપરાંત લિટલ રણ ઓફ કચ્છ અને અન્ય વિસ્તારોમાં પણ સિંહોની હિલચાલ જોવા મળતી હોવાથી તેમની સતત દેખરેખ વધુ મહત્ત્વની બની છે.

આ ટેક્નોલોજીથી સિંહ સાથે સંકળાયેલી માનવ-વન્યજીવ અથડામણ તથા ટ્રેનની ટક્કર જેવી ઘટનાઓ પર ઝડપી નજર રાખી શકાશે. કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટરને સીસીટીવી સહિતના વિવિધ સર્વેલન્સ નેટવર્કમાંથી મળતા લાઈવ ડેટાથી સિંહોની હિલચાલ અને સંભવિત જોખમોની માહિતી ઝડપથી મળી શકશે. ખાસ કરીને રેલવે ટ્રેક નજીક સિંહોની હિલચાલને ઓળખવામાં ઓપ્ટિકલ ફાઈબર સેન્સિંગ અને અન્ય ટેક્નોલોજી મદદરૂપ બનશે.

ગુજરાતમાં ગંભીર રીતે સંકટગ્રસ્ત ★ગ્રેટ ઈન્ડિયન બસ્ટર્ડ ★ના સંરક્ષણ માટે પણ ખાસ પગલાં લેવાઈ રહ્યાં છે. કચ્છના નળિયામાં જન્મેલી રૈમ્ની બચ્ચીને શિકારી પક્ષીઓથી બચાવવા આશરે ૧૦૦ હેક્ટર વિસ્તારમાં સુરક્ષિત એક્ક્લોઝર તૈયાર કરવામાં આવ્યું છે. બચ્ચી મોટી થાય ત્યાં સુધી તેની ખાસ દેખરેખ અને સંભાળ રાખવામાં આવશે. ગુજરાતમાં સિંહ, સ્લોથ બેર, કાળિયાર અને જંગલી ગધેડા સહિતના વન્યજીવો માટે એઆઈ આધારિત આ સમગ્ર નેટવર્ક વન્યજીવ સંરક્ષણને વધુ ઝડપી અને ટેક્નોલોજી આધારિત બનાવશે

## અમદાવાદમાં નકલી તેલના કાળા કારોબારનો પર્દાફાશ: તિરુપતિ બ્રાન્ડના નામે રસોડા સુધી પહોંચાડતા હતા 'ધીમું ઝેર'

અમદાવાદ

જો તમે બજારમાંથી બ્રાન્ડેડ તેલનો ડબ્બો ખરીદતા હોવ, તો આ અહેવાલ તમારા માટે આંખ ઉઘાડનારો છે...કારણ કે નફાખોરીના ચક્કરમાં ડુપ્લિકેટ માફિયાઓ હવે તમારા રસોડા સુધી પહોંચી ગયા છે અને તમારા સ્વાસ્થ્ય સાથે ખુલ્લેઆમ ચેડાં કરી રહ્યા છે.

જી હા, ડબ્બો અસલી પણ તેની અંદર ભરેલું તેલ તદ્દન નકલી અને સબ-સ્ટાન્ડર્ડ! અમદાવાદના રખિયાલ વિસ્તારમાં આવેલી 'ઘાણીવાળા ટ્રેડર્સ' નામની દુકાન પર જ્યારે પોલીસે બાતમીના આધારે સરપ્રાઈઝ રેડ કરી, ત્યારે આ ચોંકાવનારી હકીકત સામે આવી. અહીં પ્રખ્યાત બ્રાન્ડના નામે નકલી કપાસિયા તેલનું ખુલ્લેઆમ વેચાણ ચાલી રહ્યું હતું. પોલીસે આ કાળા કારોબારના માસ્ટરમાઈન્ડ અમિત કુશવાહ નામના વેપારીને રંગેહાથ દબોચી લીધો છે...

આ કોઈ સામાન્ય ભેળસેળ નથી, પણ લોકોના ઘરમાં મોકલાતું 'સ્લો પોઈઝન' એટલે કે ધીમું ઝેર છે...આરોપી અમિત કુશવાહની મોડસ ઓપરેન્ડી એટલી શાતિર હતી કે સામાન્ય માણસ ક્યારેય પકડી ન શકે. તે ભંગાર બજારમાંથી તિરુપતિ કંપનીના ખાલી અને વપરાયેલા અસલી ડબ્બાઓ સસ્તા ભાવે ખરીદતો હતો...ત્યારબાદ આ ડબ્બાઓમાં અત્યંત સસ્તું, ગંદું અને હલકી ગુણવત્તાનું તેલ ભરી દેતો હતો...લોકોને જરાય શંકા ન જાય તે માટે ડબ્બા પર આબેહૂબ ડુપ્લિકેટ સીલ અને બુચ લગાવીને તેને બજારમાં અસલી તિરુપતિ તેલ તરીકે વેચી મારતો હતો.

માત્ર થોડા રૂપિયાના નફા માટે લોકોના જીવ જોખમમાં મૂકીને આ સસ્તું તેલ મોંઘા ભાવે વેચી, લાખો રૂપિયાની કમાણી કરવાનો ખેલ ચાલી રહ્યો હતો...દરોડા દરમિયાન વટવા પોલીસે દુકાનમાંથી અંદાજે નકલી તેલના ૪૪ ડબ્બા જપ્ત કર્યા છે. હાલ તો પોલીસે નફાખોર આરોપી અમિત કુશવાહ સામે 'ધી કોપીરાઈટ એક્ટ'ની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી તેને જેલના સળિયા પાછળ ધકેલી દીધો છે.

આરોપી ભલે પકડાઈ ગયો હોય, પણ સવાલ એ થાય છે કે રસોડા સુધી કેન્સર જેવી બીમારીઓ વહોરી લાવતું આ નકલી તેલ ક્યારથી વેચાતું હતું? આ નકલી તેલ અમદાવાદના કયા-કયા વિસ્તારોમાં અને કઈ હોટલો કે દુકાનોમાં સપ્લાય થયું છે? શું આ નેટવર્કમાં અન્ય કોઈ મોટા માથાઓ સામેલ છે? આ તમામ સવાલોના જવાબ મેળવવા હવે રખિયાલ પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

## અમદાવાદમાં જળબંબાકારની સ્થિતિ વચ્ચે એરપોર્ટ પર રઝળ્યા મુસાફરો, ૩-૩ ફ્લાઈટ રદ



અમદાવાદ

અમદાવાદ એરપોર્ટ પર આજે અલગ-અલગ એરલાઈન્સની ફ્લાઈટ્સ રદ થતાં મુસાફરોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો છે. એક જ દિવસમાં વિવિધ એરલાઈન્સની હવાઈ સેવા ખોરવાતા એરપોર્ટ પર મુસાફરોમાં રોષ જોવા મળ્યો હતો. ફ્લાઈટ રદ થયા બાદ મુસાફરોને લાંબા સમય સુધી રાહ જોવાનો વારો આવ્યો હોવાના આક્ષેપો પણ થયા છે.મળતી માહિતી મુજબ, સ્ટાર એરની અમદાવાદથી દીવ થઈ ગોવા જતી ફ્લાઈટ જીપ ૪૨૪ રદ કરવામાં આવી છે. બીજી તરફ, ઈન્ડિગોની અમદાવાદ-દીવ અને દીવ-અમદાવાદ બંને ફ્લાઈટ્સ પણ કેન્સલ કરવામાં આવી છે. આ ઉપરાંત અકાસા એરલાઈન્સની અમદાવાદ-કોલકાતા અને કોલકાતા-અમદાવાદ ફ્લાઈટ પણ રદ કરવામાં આવી છે. અકાસાની બંને ફ્લાઈટ્સ ટેકનિકલ કારણોસર રદ કરવામાં આવી હોવાની માહિતી સામે આવી છે.અચાનક ફ્લાઈટ્સ રદ થતાં મુસાફરોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. મુસાફરોના આક્ષેપ મુજબ, ફ્લાઈટ રદ થયા બાદ તેમને યોગ્ય વૈકલ્પિક વ્યવસ્થા આપવામાં આવી નહોતી, જેના કારણે એરપોર્ટ પર લાંબી રાહ જોવાની સ્થિતિ સર્જાઈ હતી. મુસાફરોએ એરલાઈન્સની વ્યવસ્થા સામે પણ સવાલો ઉઠાવ્યા છે. તેમના જણાવ્યા મુજબ, ફ્લાઈટ રદ થવા અંગે એરલાઈન્સના સિનિયર અધિકારીઓ પાસેથી પણ યોગ્ય અને સંતોષકારક જવાબ મળ્યો નહોતો.એક જ દિવસમાં સ્ટાર એર, ઈન્ડિગો અને અકાસા એરલાઈન્સની સેવા ખોરવાતા અમદાવાદ એરપોર્ટ પર મુસાફરોની મુશ્કેલી વધી હતી. અચાનક ફ્લાઈટ કેન્સલેશનના કારણે મુસાફરોમાં ભારે રોષ જોવા મળ્યો હતો. મુસાફરોએ ફ્લાઈટ રદ થાય ત્યારે એરલાઈન્સ દ્વારા સમયસર જાણકારી અને યોગ્ય વૈકલ્પિક વ્યવસ્થા ઉપલબ્ધ કરાવવામાં આવે તેવી માગ કરી છે.

## નકલી નોટો પછી, સહારનપુરમાં નકલી સિક્કાઓનું આંતરરાજ્ય નેટવર્ક ખુલ્લું પડ્યું, ૧.૨૦ લાખના સિક્કા જપ્ત કરવામાં આવ્યા છે




સહારનપુર

નકલી નોટો પછી, સહારનપુરમાં નકલી સિક્કા નેટવર્કનો પર્દાફાશ થયો છે. જિલ્લામાં ૧૭.૨૯ કરોડની નકલી નોટોના કેસની ચાલી રહેલી એનઆઈએ તપાસ વચ્ચે નકલી સિક્કાઓનું એક નવું આંતરરાજ્ય નેટવર્ક ખુલ્લું પડ્યું છે. શહેર પોલીસ સ્ટેશન અને સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ ની સંયુક્ત ટીમે આવાસ વિકાસ કોલોનીના રહેવાસી કુલદીપ અને વિપિનની ધરપકડ કરી હતી અને તેમની પાસેથી ?૧.૨૦ લાખના નકલી ૨૦ રૂપિયાના સિક્કા જપ્ત કર્યા હતા.પોલીસ તપાસમાં જાણવા મળ્યું છે કે નકલી સિક્કાઓનું પ્રસારણ કરવા માટે આ નેટવર્કમાં ૧૦% કમિશન સિસ્ટમ સ્થાપિત કરવામાં આવી હતી. આરોપી કુલદીપને બજારમાં ફરતા દરેક ૪,૦૦૦ ના મૂલ્યના સિક્કા માટે ૪૦૦ નું કમિશન મળતું હતું. આ સ્પષ્ટપણે દર્શાવે છે કે સિક્કા બનાવનારાઓ, સપ્લાયર્સ અને જે લોકો સિક્કાઓનું પ્રસારણ કરતા હતા તેઓ અલગ અલગ સંસ્થાઓ છે.ખરેખર, લોકો સામાન્ય રીતે ચલણી નોટો કરતાં સિક્કાઓ પર ઓછું ધ્યાન આપે છે, અને આનો ઉપયોગ નાના વ્યવસાયો અને દુકાનદારોને લક્ષ્ય બનાવવા માટે કરવામાં આવતો હતો. હાલમાં, પોલીસ અને એસઓજી ટીમો મુખ્ય સપ્લાયર અને સિક્કા બનાવનાર રિંગને ઓળખવા માટે આરોપીઓની પૂછપરછ કરી રહી છે. જો કે, આ કેસ અને એનઆઈએ દ્વારા તપાસ કરવામાં આવી રહેલા નકલી ચલણી કેસ વચ્ચે હજુ સુધી કોઈ સીધો સંબંધ જોવા મળ્યો નથી.નોંધનીય છે કે જિલ્લામાં નકલી ચલણનો અગાઉનો કેસ નોંધાયો હતો, જેની તપાસ એનઆઈએ દ્વારા કરવામાં આવી રહી છે.એનઆઈએ અનુસાર, ૨૬ ઓગસ્ટ, ૨૦૨૬ ના રોજ, સહારનપુર જિલ્લાના સદર બજાર પોલીસ સ્ટેશનને પંજાબ નેશનલ બેંકના કરન્સી ચેસ્ટમાંથી ૧૭.૨૯ કરોડની નકલી ભારતીય ચલણી નોટો મળી હોવાની માહિતી મળી હતી. ત્યારબાદ, ઉત્તર પ્રદેશ પોલીસે કેસ નોંધીને તપાસ શરૂ કરી હતી.તપાસ દરમિયાન, ત્રણ બેંક કર્મચારીઓની કથિત સંડોવણી બહાર આવી હતી. આમાં કરન્સી ચેસ્ટ મેનેજર અમિત કુમાર, સિનિયર ડિવિઝનલ મેનેજર રવિ કુમાર કાસે અને કરન્સી ચેસ્ટ મેનેજર સુશીલ શર્માનો સમાવેશ થાય છે. આ કેસના સંદર્ભમાં ત્રણેય કર્મચારીઓને સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. કરન્સી ચેસ્ટમાંથી આરબીઆઈના જયપુર કરન્સી ચેસ્ટમાં ૧૧.૫૦ કરોડ મોકલવામાં આવ્યા ત્યારે આ મામલો પ્રકાશમાં આવ્યો. ગણતરી દરમિયાન, આશરે ૪.૩૦ લાખ ગુમ થયા હોવાનું જાણવા મળ્યું. ત્યારબાદ, રિઝર્વ બેંકે તપાસ શરૂ કરી.

**મહિસાગર - છોટાઉદેપુર આવૃત્તિ**
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા, છોટાઉદેપુર, પાવીજેતપુર, કવાંટ, નસવાડી, સંખેડા,બોડેલી
**પંચમહાલ સમાચાર**

# મહીસાગર જીલ્લામાં ત્રીજા દિવસે પણ વરસાદ પડતા ખેતીના પાકોમાં ફાયદો





મહિસાગર,
મહીસાગર જીલ્લામાં લાંબા સમયના વિરામ પછી ફરી વરસાદ શરૂ થયો છે. જીલ્લામાં સતત ત્રીજા દિવસે વરસાદી માહોલ જોવા મળ્યો. ગઈકાલે બપોરે ૨ વાગ્યા પછી જીલ્લાના અલગ અલગ તાલુકામાં વરસાદ પડવાનું શરૂ થયું હતું. ક્યાંક ભારે ઝાપટાં પડ્યા તો ક્યાંક ધીમીધારે વરસાદ વરસ્યો. રાત્રિના સમયે પણ ઘણા વિસ્તારોમાં હળવો વરસાદ ચાલુ રહ્યો હતો.

આજે સોમવારે પણ સવારથી જીલ્લાના જુદા જુદા વિસ્તારોમાં હળવાથી મધ્યમ વરસાદ ચાલુ છે. કેટલાક વિસ્તારોમાં ધીમીધારે વરસાદ પડી રહ્યો છે. તેનાથી વાતાવરણમાં ઠંડક પ્રસરી છે અને લાંબા સમયથી ગરમીથી પરેશાન લોકોને રાહત મળી છે.છેલ્લા ૨૪ કલાકમાં નોંધાયેલા વરસાદના આંકડા પ્રમાણે, સંતરામપુર તાલુકામાં સૌથી વધુ ૩૪ મિલીમીટર વરસાદ પડ્યો છે. કડાણા તાલુકામાં ૩૩ મિલિમીટર, વીરપુરમાં ૨૩ મિલિમીટર, બાલાસિનોરમાં ૧૮ મિલિમીટર, કોઠંબામાં ૧૬ મિલિમીટર, ખાનપુરમાં ૧૪ મિલીમીટર અને લુણાવાડામાં ૧૨ મિલીમીટર વરસાદ નોંધાયો છે. ગોધરા તાલુકામાં સૌથી ઓછો ૭ મિલીમીટર વરસાદ પડ્યો છે.મહીસાગર જીલ્લામાં લાંબા સમયથી વરસાદ ન આવતા ખેડૂતોની ચિંતા વધી હતી. વરસાદના અભાવે ખેતરોમાં ઉભેલા પાકને નુકસાન થવાનો ડર હતો. છેલ્લા ત્રણ દિવસથી પડી રહેલા વરસાદથી ખેતીના પાકોને ઘણો ફાયદો થયો છે. તેનાથી ખેડૂતોમાં ફરી આશા જાગી છે. જીલ્લામાં હજુ પણ સારો અને વધુ વરસાદ પડવાની જરૂર છે. લાંબા વિરામને કારણે મોટા ભાગના જળાશયો, તળાવો અને નદીઓમાં પાણીની સ્થિતિ હજુ પણ ચિંતાજનક છે. તેથી આગામી દિવસોમાં સારો વરસાદ પડે અને જીલ્લામાં ખાલી પડેલા જળાશયો, તળાવો તથા નદીઓમાં નવું પાણી આવે તેવી આશા ખેડૂતો રાખી રહ્યા છે. સારો વરસાદ પડે તો માત્ર ખેતીના પાકોને જ નહીં, પરંતુ જીલ્લામાં પાણીની સ્થિતિને પણ મોટો ફાયદો થઈ શકે છે. હાલ સતત ત્રીજા દિવસે વરસાદ ચાલુ રહેતા મહીસાગર જીલ્લામાં વાતાવરણ ઠંડુ અને ખુશનુમા બન્યું છે.

# બોડેલીમાં સેવા સંકલ્પ સુશાસન દિવસની વર્ચ્યુઅલ બેઠકમાં મુખ્ય મંત્રી ભૂપેન્દ્ર પટેલે ટ્રસ્ટીઓને સુશાસન માટે માર્ગદર્શન આપ્યું



બોડેલી,
છોટાઉદેપુર જીલ્લાના બોડેલી ખાતે સેવા સંકલ્પ સુશાસન દિવસ નિમિત્તે એક વર્ચ્યુઅલ બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે બોડેલી તાલુકાના ટ્રસ્ટીઓ સાથે સંવાદ કર્યો હતો.આ વર્ચ્યુઅલ બેઠક બોડેલીની નવજીવન હાઈસ્કૂલ ખાતે યોજાઈ હતી, જેમાં તાલુકાના વિવિધ ટ્રસ્ટીઓ હાજર રહ્યા હતા. મુખ્યમંત્રીએ વર્ચ્યુઅલ માધ્યમથી ઉપસ્થિત સૌને સંબોધન કર્યું હતું. મુખ્યમંત્રીએ સેવા, સુશાસન અને જનકલ્યાણના સંકલ્પને વધુ મજબૂત બનાવવા અંગે માર્ગદર્શન આપ્યું હતું. તેમણે સમાજ અને જનહિત સાથે જોડાયેલા વિવિધ કાર્યોમાં સહભાગી બનીને સેવા ભાવનાને આગળ વધારવા માટે પ્રેરણા આપી હતી.સેવા સંકલ્પ સુશાસન દિવસના અવસરે યોજાયેલી આ બેઠકમાં સરકારના સુશાસનના પ્રયાસોને લોકો સુધી વધુ અસરકારક રીતે પહોંચાડવા તેમજ જનકલ્યાણના કાર્યોને વધુ વેગ આપવા અંગે માર્ગદર્શન મળ્યું હતું. બેઠક દરમિયાન ઉપસ્થિત ટ્રસ્ટીઓએ પણ મુખ્યમંત્રીના સંબોધનને સાંભળ્યું હતું અને સેવા તથા જનકલ્યાણના કાર્યોમાં સહભાગી થવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો. આ કાર્યક્રમમાં ભારતીય જનતા પાર્ટીના જીલ્લા પ્રમુખ ઉમેશભાઈ રાઠવા, છોટાઉદેપુર લોકસભાના સાંસદ જસુભાઈ રાઠવા સહિત ભારતીય જનતા પાર્ટીના કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

# બોડેલીમાં સાઈનિંગ બોર્ડના અભાવે પીકઅપ ગાડી ડીવાઈડર પર ચડી જતાં ટ્રાફિક જામ થયો



બોડેલી,
છોટાઉદેપુર જીલ્લાના બોડેલીના અલીપુરા વિસ્તારમાં નેશનલ હાઈવે નંબર-૫૬ પર આવેલા ડિવાઈડર પર એક પીકઅપ ગાડી ચડી ગઈ હતી. આ ઘટનાને કારણે થોડા સમય માટે ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાયા હતા.

બોડેલી ડેપો નજીક આવેલા આ ડિવાઈડર પર પૂરતા પ્રમાણમાં સાઈનિંગ બોર્ડ કે અન્ય ચેતવણીના નિશાન ન હોવાને કારણે આ અકસ્માત થયો હતો. પીકઅપ ગાડી ડિવાઈડર સાથે અથડાઈને તેના પર ચડી ગઈ હતી.

સ્થાનિક વાહનચાલકોના કહેવા મુજબ, આ વિસ્તારમાં ખાસ કરીને રાત્રિના સમયે ડિવાઈડર સ્પષ્ટ દેખાતો નથી. આ કારણે અગાઉ પણ વાહનો ડિવાઈડર સાથે અથડાવાની ઘણી ઘટનાઓ બની છે. વાહનચાલકોની માંગ છે કે ડિવાઈડર પર રિફ્લેક્ટિવ સાઈનિંગ બોર્ડ, રિફલેકટર અને યોગ્ય ચેતવણીના નિશાન મૂકવામાં આવે. તેનાથી રાત્રિના સમયે વાહનચાલકોને ડિવાઈડર સરળતાથી દેખાઈ શકે.

આ ઉપરાંત, બોડેલી ડેપો પાસે બમ્પ ન હોવાથી વાહનો પૂરપાટ ઝડપે પસાર થાય છે. જેના કારણે અકસ્માત થવાની શક્યતા વધી જાય છે.

વાહનચાલકો અને સ્થાનિક લોકોએ તંત્ર પાસે વહેલી તકે ડિવાઈડર પર સ્પષ્ટ દેખાય તેવા સાઈનિંગ બોર્ડ અને રિફ્લેક્ટર લગાવવા તેમજ બોડેલી ડેપો પાસે જરૂરી જગ્યાએ બમ્પ મૂકવાની માંગ કરી છે, જેથી ભવિષ્યમાં આવા અકસ્માતો અટકાવી શકાય.

# કદવાલ ગામમાં શ્રીજીની મૂર્તિ સ્થાપના કરાઈ



છોટા ઉદેપુર,
છોટાઉદેપુર જીલ્લાના કદવાલ તાલુકાના કદવાલ ગામમાં શ્રીજીની મૂર્તિ સ્થાપના કરવામાં આવી છે. આ સાથે જ સાર્વજનિક ગણેશ મહોત્સવનો પ્રારંભ થયો છે, જેમાં ભાવિક ભક્તોએ પૂજા અને આરતીનો લાભ લીધો.

કદવાલ સ્ટેટનું ગામ માનવામાં આવે છે. અહીં આઝાદીના વર્ષથી ગણેશ ઉત્સવ ઉજવાતો આવ્યો છે. આજુબાજુના ગામોમાં પહેલા શ્રીજીની સ્થાપના થતી ન હતી, પરંતુ કદવાલમાં લગભગ ૭૫ વર્ષથી આ પરંપરા ચાલી આવે છે.

આજે પણ ગામના તમામ ભાઈ-બહેનો, ભક્તો અને વડીલો દ્વારા આ ઉત્સવ ખૂબ ધામધૂમથી ઉજવવામાં આવે છે. આ વર્ષે સ્થાપનાથી લઈને વિસર્જન સુધી ૧૨ દિવસ સુધી ગણપતિ બાપાની સવાર-સાંજ આરતી અને પૂજા થશે. શ્રીજીનું વિસર્જન ૨૫ સપ્ટેમ્બર, ૨૦૨૬ ના રોજ કરવામાં આવશે.

# કડાણા ડીટવાસમાં બોલેરો ગાડી માંથી ઈંગ્લીશ દારૂ સાથે આરોપીને એલ.સી.બી.એ ઝડપ્યો




કડાણા,
પોલીસના ઉપરી અધિકારીઓના માર્ગદર્શનમાં મહીસાગર જીલ્લામાં પોલીસ દ્વારા પેટ્રોલિંગ અને તપાસ હાથ ધરવામાં આવી રહી છે. આ દરમિયાન LCB સ્ટાફના માણસો ડિટવાસ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગ કરી રહ્યા હતા. ત્યારે ASI કૃષ્ણભાઈને બાતમી મળી હતી કે, એક મહેન્દ્રા બોલેરો પીકઅપ વાહનમાં પાછળના ભાગે ચોરખાનું બનાવીને વિદેશી દારૂનો જથ્થો ભરીને રાજસ્થાનથી ઘાસવાડા તરફ જવાનો છે.

આ બાતમીના આધારે LCB સ્ટાફના માણસો ડિટવાસ પોલીસ સ્ટેશન વિસ્તારના નાની ગોધર ચાર રસ્તા પાસે વાહન પર નજર રાખી રહ્યા હતા. બાતમી મુજબનું વાહન આવતા જ LCB સ્ટાફના માણસોએ રસ્તા પર વાહનો આડા ઉભા રાખી બોલેરો પીકઅપ વાહનને રોક્યું અને એક વ્યક્તિને પકડી પાડ્યો.

બોલેરો પીકઅપ વાહનમાં પોલીસ દ્વારા તપાસ કરતા, વાહનની પાછળના ભાગે ચોરખાનું બનાવીને તેમાં વિદેશી દારૂની પેટીઓ છુપાવેલી હતી. વાહનને પોલીસ બંદોબસ્ત સાથે ડિટવાસ પોલીસ સ્ટેશન લાવીને તપાસ કરતા, તેમાંથી ભારતીય બનાવટની વિદેશી દારૂની ૧૫૨૧ બોટલ મળી આવી. આ દારૂની કિંમત ૩,૬૭,૯૮૦ રૂપિયા છે.

દારૂ અને અન્ય મુદ્દામાલ મળીને કુલ ૧૦,૭૨,૯૮૦ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. આ અંગે ડિટવાસ પોલીસ સ્ટેશનમાં પ્રોહિબીશનનો ગુનો નોંધીને આગળની કાર્યવાહી હાથ ધરી છે.

પકડાયેલા આરોપીનું નામ કૃષ્ણકુમાર રૂપલાલ ડામોર છે. તે રાજસ્થાનના ઉદેપુર જીલ્લાના ખેરવાડા તાલુકાના સુંદરા પોસ્ટ, રોબિયા ગામનો રહેવાસી છે.

# સંતરામપુરમાં ઈકો ટક્કરે યુવકનું મોતઃ યુવતી ઈજાગ્રસ્ત થતા સારવાર માટે ખસેડાઈ

સંતરામપુર,
મહીસાગરના સંતરામપુરના બાયપાસ રોડ પર મુલતાનીવાસ પાસે એક ઈકો કાર ચાલકે બે રાહદારીઓને ટક્કર મારી હતી. આ ગંભીર અકસ્માતમાં એક યુવક અને યુવતીને ગંભીર ઈજાઓ થઈ હતી. જેથી બન્નેને સારવારમાં ખસેડવામાં આવ્યાં હતા. આ દરમિયાન યુવકનું મોત થયું છે.

થોડા સમય પહેલા જ સગાઈ થયેલા આ યુવક-યુવતી ઘરે જઈ રહ્યા હતા. ત્યારે પૂરઝડપે આવી રહેલી ઈકો કારે તેમને ટક્કર મારી હતી. ટક્કર એટલી જોરદાર હતી કે, બંને રોડ પર પટકાયા હતા. અકસ્માત પછી ઈકો કાર ચાલક ઘટના સ્થળેથી ભાગી ગયો હતો. આસપાસના લોકોને ઈજાગ્રસ્ત યુવક-યુવતીને સારવાર માટે હોસ્પિટલ લઈ ગયા. જોકે, સારવાર દરમિયાન યુવકનું મોત થયું છે. જ્યારે યુવતીને ઈજાઓ થતાં તેની સારવાર ચાલી રહી છે.

આ ઘટનાથી પરિવારજનોમાં શોક છવાઈ ગયો છે. અકસ્માત સર્જીને ભાગી ગયેલા ઈકો કાર ચાલક વિરૂદ્ધ સંતરામપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ છે. પોલીસે ગુનો નોંધી ફરાર ચાલકને પકડવા તપાસ શરૂ કરી છે.

# નવાગામ ખાતે શાકભાજીની ખેતી અને નર્સરી વ્યવસ્થાપન તાલીમનું આયોજન

ઘોઘંબા,
ઘોઘંબા તાલુકાના નવાગામ ખાતે બેંક ઓફ બરોડા RSETI તથા જીલ્લા ગ્રામ વિકાસ એજન્સી, પંચમહાલ-ગોધરા દ્વારા શાકભાજીની ખેતી અને નર્સરી વ્યવસ્થાપન વિષયક તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

તા. ૦૭/૦૯/૨૦૨૬ થી ૧૮/૦૯/૨૦૨૬ દરમિયાન યોજાનારી આ તાલીમમાં તાલીમાર્થીઓને શાકભાજીની આધુનિક ખેતી, નર્સરી વ્યવસ્થાપન, રોપા ઉત્પાદન, બીજ પસંદગી, નર્સરી માટે માટીનું મિશ્રણ, ટ્રેમાં રોપા તૈયાર કરવા, છોડની સંભાળ, રોગ-જીવાત વ્યવસ્થાપન સહિત ખેતીને લગતી વિવિધ વ્યવહારૂ બાબતો અંગે માર્ગદર્શન આપવામાં આવી રહ્યું છે.

નેશનલ ટ્રેનર સાર્થકભાઈ અશ્વિનભાઈ ઠાકર દ્વારા તાલીમ આ તાલીમ માટે સાવરકુંડલાના સાર્થકભાઈ અશ્વિનભાઈ ઠાકરને વિશેષ તાલીમકર્તા તરીકે આમંત્રિત કરવામાં આવ્યા છે. સાર્થકભાઈ નેશનલ સર્ટિફાઈડ ટ્રેનર તરીકે શાકભાજીની ખેતી અને નર્સરી વ્યવસ્થાપન ક્ષેત્રે તાલીમ આપી રહ્યા છે.

સાર્થકભાઈ પોતે ખેતી આધારિત ક્ષેત્ર સાથે સંકળાયેલા સફળ ઉદ્યોગસાહસિક છે અને અમરેલી જીલ્લાના સાવરકુંડલા ખાતે જય રામનાથ વર્મી કમ્પોસ્ટ નામનું વર્મી કમ્પોસ્ટ યુનિટ ચલાવે છે. છેલ્લા કેટલાક વર્ષોથી તેઓ વર્મી કમ્પોસ્ટ, ઓર્ગેનિક ખેતી, કિચન ગાર્ડન, ટેરેસ ગાર્ડન તેમજ ખેતી સંબંધિત વિષયો અંગે વ્યવહારૂ માર્ગદર્શન અને તાલીમ આપી રહ્યા છે.તાલીમ દરમિયાન સાર્થકભાઈ દ્વારા તાલીમાર્થીઓને માત્ર સૈદ્ધાંતિક માહિતી જ નહીં પરંતુ પ્રેક્ટિકલ તાલીમ દ્વારા નર્સરી તૈયાર કરવાની, નર્સરી ટ્રે ભરવાની, બીજ વાવવાની, રોપા ઉછેરવાની તથા શાકભાજીના સારા રોપા તૈયાર કરવાની પદ્ધતિઓ પણ સમજાવવામાં આવી રહી છે.તેમના અનુભવ અને પ્રાયોગિક જ્ઞાનના આધારે તાલીમાર્થીઓને શાકભાજીની ખેતીને સ્વરોજગાર અને આવકના સશક્ત માધ્યમ તરીકે વિકસાવવાની દિશામાં માર્ગદર્શન મળી રહ્યું છે.

આ તાલીમથી ગ્રામ્ય વિસ્તારના યુવાનો, ખેડૂતો અને સ્વરોજગાર ઈચ્છુક તાલીમાર્થીઓને ખેતી આધારિત વ્યવસાય માટે નવી દિશા, આધુનિક જ્ઞાન અને પ્રેક્ટિકલ અનુભવ પ્રાપ્ત થઈ રહ્યો છે.

# શહેરા, મોરવા હડફમાં વરસાદી માહોલ ને લઈને વાતાવરણમાં ઠંડક પ્રસરી, વરસાદના પગલે બજારમાં નીરવ શાંતિ

શહેરા,
શહેરા અને મોરવા હડફમાં સોમવારના રોજ વરસાદી માહોલ લઈને બજારોમાં લોકોની અવરજવર ઓછી જોવા મળી હતી. મેઘરાજાની પધરામણીથી અસહ્ય ઉકળાટ બાદ વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ હતી, જ્યારે સુકાતા પાકને નવું જીવતદાન મળતાં ખેડૂતોના ચહેરા પર ખુશીની રોનક પાછી આવી હતી.

શહેરા અને મોરવા હડફ સહિત ગ્રામ્ય વિસ્તારમાં સોમવારના રોજ વરસાદી માહોલ જોવા મળ્યો હતો. લાંબા વિરામ બાદ શરૂ થયેલા સાર્વત્રિક વરસાદને કારણે સમગ્ર પંથકમાં આહલાદક વાતાવરણ સર્જાયું હતું.વરસાદી માહોલના પગલે જનજીવન પર સીધી અસર જોવા મળી હતી, જ્યારે નોકરી અને કામ અર્થે નીકળેલા લોકોએ રેઈનકોટ અને છત્રી નો સહારો લીધો હતો. બજારમાં સામાન્ય દિવસોની સરખામણીએ લોકોની અવરજવર ખૂબ જ ઓછી રહી હતી અને વેપારીઓ પણ દુકાનોમાં નવરાધૂપ બેઠેલા નજરે પડચા હતા. બીજી તરફ, આ વરસાદ ખેતી માટે અમૃત સમાન સાબિત થયો છે. છેલ્લા કેટલાક સમયથી વરસાદ ખેંચાતા વાવેતર કરેલા પાકને લઈને ધરતીપુત્રો ચિંતાતુર બન્યા હતા. પરંતુ સોમવારે મેઘરાજા મન મૂકીને વરસતા ખેડૂતોના જીવમાં જીવ આવ્યો હતો અને તેમના ચહેરા પર ખુશીની રોનક પાછી આવી ગઈ હતી. આ વરસાદથી ડાંગર, મકાઈ અને અન્ય ખરીફ પાકોને નવું જીવનદાન મળ્યું હતું.

અસહ્ય બફારા અને ઉકળાટથી અકળાયેલા નગરજનો માટે પણ આ વરસાદ રાહતરૂપ સાબિત થયો હતો. વરસાદના આગમન સાથે જ વાતાવરણમાં ગુલાબી ઠંડક પ્રસરી ગઈ હતી, જેથી લોકોને ગરમીમાંથી મોટી મુકિત મળી હતી. વરસાદી માહોલને પગલે જળાશય, તળાવ તેમજ ગ્રામ્ય વિસ્તારોના કોઝવે અને નાળામાં પણ પાણીની આવક થઈ હતી.

## આપની આજ.......

મેષ:આજનો દિવસ તમારા માટે શુભ છે અને આજે તમે બીજાના કામ માટે દોડશો. આ કરવાથી તમે થાકને બદલે મનમાં જુદો સંતોષ મેળવશો. વૃદ્ધોની સેવા અને સદગુણ કાર્યોમાં પૈસા ખર્ચ કરવાને કારણે મનમાં આનંદ થશે.

વૃષભ: આજનો દિવસ ખૂબ પડકારજનક રહેશે. આજે તમને દરેક કિસ્સામાં ઘણી જવાબદારીઓ સોંપી શકાય છે. આજે તમારો દિવસ કોઈક પ્રકારની વ્યવસ્થા કરવા માટેનો રહેશે.

મિથુન: ગ્રહોની શુભ અસરોથી આજે તમારો શુભ દિવસ રહેશે. વિરોધીઓ રાજકીય ક્ષેત્રે તમને પાછળ છોડી દેવાનો પ્રયત્ન કરશે. ધીરે ધીરે તમે સફળતા તરફ આગળ વધીશો.

કર્ક: આજનો દિવસ ખાસ રહેશે. તમારું નસીબ દરેક બાબતમાં તમને ટેકો આપશે. વિરોધીઓની ષડયંત્ર નિષ્ફળ જશે અને તમે સફળતાના માર્ગ પર આગળ વધશો.

સિંહ: આજનો દિવસ અન્ય દિવસોની તુલનામાં સામાન્ય રહેશે. રાશિ સ્વામી બુધના અન્ય ગ્રહો સાથે યોગ બનાવવાના કારણે તમને બૌદ્ધિક અને વ્યાવસાયિક ક્ષેત્રે સફળતા મળશે.

કન્યા: તમારા માટે આજનો દિવસ શુભ છે અને તમને દરેક ક્ષેત્રમાં સારા પરિણામ મળે તેવી આશા છે. આજે તમને દિવસભર આવકના નવા સ્રોત મળશે. વિરોધી પરાજિત થશે. તમારા ભાગ્યનો તારો ફરી ચમકવા લાગશે.

તુલા: આજનો દિવસ ખાસ છે. આજે શુભ કાર્યોમાં તમારી રુચિ વધશે અને તમે આજે લેતા નિર્ણયોથી તમને ફાયદો થશે. સંતાન પક્ષના લગ્નજીવનમાં વિઘ્નોનો અંત આવશે.

વૃશ્ચિક: આજનો દિવસ તમારા માટે વિશેષ દિવસ છે અને ઘણા કિસ્સામાં તે પરિપૂર્ણતા આપવાનો છે. વૃદ્ધ સ્ત્રીના આશીર્વાદથી પ્રગતિ માટેની વિશેષ તકો મળશે.

ધન: દિવસ કેટલીક પ્રતિકૂળ પરિસ્થિતિ જેવો દેખાય છે. અતિશય મજૂરી કરશો પરંતુ આવક ઓછી થશે અને ખર્ચ વધારે હશે. ગુપ્ત દુશ્મનો સક્રિય રહેશે અને તમને પજવવાનું કામ કરી શકે છે. સૂર્યાસ્ત સમયે થોડી રાહત મળશે.

મકર: વિશેષ ગ્રહો તમારી સફળતા માટે માર્ગ તૈયાર કરશે. કાર્યમાં સફળતા, ઘરમાં ધનનો વધારો, મિત્રો પાસેથી પૈસાની પ્રાપ્તિ, નબળા શત્રુઓ પર વિજય અને તમામ પ્રકારની આશાઓ આજે પૂર્ણ થશે.

કુંભ: આજનો દિવસ ખૂબ પડકારજનક રહેશે. આજે તમારી તરફેણમાં એક મહત્વપૂર્ણ વ્યવસાયિક કરાર ફાઈનલ કરવામાં આવશે તે તમારા મનમાં એક અલગ પ્રકારનો આનંદ લાવશે.

મીન: આજે દરેક ક્ષેત્રમાં સફળતા મળશે અને તમે ભાગ્યશાળી રહેશો. આજે સંતોની સભાથી મનમાં આનંદ થશે. ઉચ્ચ અધિકારીઓની કૃપાથી જમીન-સંપત્તિનો વિવાદ પણ હલ થશે.

**શહેરા નગરપાલિકા**
**જાહેર નિવિદા**
**ટેન્ડર નોટીસ નં.૦૭, વર્ષ ૨૦૨૬-૨૭**

મુખ્ય અધિકારી, નગરપાલિકા શહેરા દવારા સરકારશ્રીની એમ. એલ. એ. જોગવાઈ વર્ષ ૨૦૨૫-૨૬ હેઠળ નીચે જણાવેલ કામો માટે રજીસ્ટર કોન્ટ્રાકટરો / સપ્લાયર્સ / એજન્સીઓ પાસેથી ઓફલાઈન ટેન્ડર મંગાવવામાં આવે છે. સદર કામોએ કોરા ટેન્ડર શહેરા નગરપાલિકાની કચેરીએ રૂબરૂમાં અરજી કર્યેથી તથા જીએસટી રજીસ્ટ્રેટશન, રજીસ્ટ્રેશન, બેન્ક સોલ્વન્સી, પાનકાર્ડ તથા જરૂરી ટેન્ડર ફી અ.નં.(૧) રૂા.૭૦૮/- તથા આ.નં.(૨) રૂા.૭૦૮/- ભરપાઈ થયેથી તા.૨૫/૦૯/૨૦૨૬ ના ૧૬.૦૦ કલાક સુધી મળી શકશે. તથા ભરેલ ટેન્ડરો તા.૩૦/૦૯/૨૦૨૬ ના રોજ ૧૬.૦૦ કલાક સુધીમાં શહેરા નગરપાલિકા કચેરી ખાતે આરપીએડી/સ્પીડ પોષ્ટ થી મોકલી આપવાના રહેશે. આવેલ ટેન્ડરો મંજુર કરવા કે ના મંજુર કરવાની સત્તા નીચે સહી કરનારની રહેશે.

| અ.નં | કામની વિગત | અંદાજીત ટેન્ડરની રકમ રૂ. લાખમાં |
|---|---|---|
| (૧) | વૈધનાથ મંદિર એપ્રોચ રોડનું કામ, | ૧.૦૩ |
| (૨) | શહેરા નગરપાલિકા વિસ્તારમા પી.પી. યોજનાનું કામ. | ૪.૦૩ |

માહીતી/ગોધરા/૪૯૩/૨૬
શહેરા નગરપાલીકા

**જાહેર નોટીસ એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર લીમખેડાની કોર્ટમાં**
કેસ.નં.૨૪૯/૨૦૨૬ તા.૧૧/૦૯/૨૦૨૬
અરજદાર : લવારીયા કમલેશભાઈ રમેશભાઈ, રહે.ખીરખાઈ, તા.લીમખેડા, જિ.દાહોદ
વિરુદ્ધ
સમાવાળા : તલાટી કમ મંત્રીશ્રી,ખીરખાઈ, તા.લીમખેડા, જિ.દાહોદ

જન્મ મરણ અધિનિયમ કલમ : ૧૩(૩) મુજબની જન્મની નોંધણી કરવા બાબત.આથી તમામ લાગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે, અત્રેની કોર્ટના અરજદારશ્રી લવારીયા કમલેશભાઈ રમેશભાઈ, રહે. ખીરખાઈ, તા.લીમખેડા, જિ.દાહોદએ તેમની પુત્રી નામે લવારીયા મહેશ્વરીબેન કમલેશભાઈનો જન્મ તા.૨૭/૦૯/૨૦૨૨ના રોજ ખીરખાઈ, તા.લીમખેડા, જિ.દાહોદ મુકામે તેઓના નિવાસ સ્થાને થયેલ છે, જે અરજી અને સોગંદનામાથી જાહેર કરેલ છે. અરજદારના પુત્રી નો જન્મ થયેલ ત્યારે અરજદાર દ્વારા જન્મની નોંધ તલાટી કમ મંત્રીશ્રી, ખીરખાઈ, તા.લીમખેડા, જિ.દાહોદના જન્મ-મરણ નોંધણી રજીસ્ટરમાં નોંધ કરાવેલ નથી. તેથી સદરહુ અરજદારને તેમના પુત્રી નો જન્મના દાખલાની જરૂરિયાત હોઈ અરજદાર જન્મ મરણ અધિનિયમની કલમ નં:૧૩(૩) મુજબ અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરની અરજી દાખલ કરેલ છે.જેથી ઉપરોક્ત બાબતે લાગતાં વળગતા જે કોઈ ઈસમને વાંધો, વિરોધ યા તકરાર હોય તો તેઓએ દિન ૩૦ (ત્રીસ) માં કે પહેલા જાતે યા વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહેવું. જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો અરજદારની ઉપરોક્ત અરજી બાબતે નામદાર કોર્ટ દ્વારા યોગ્ય હુકમ કરવામાં આવશે જે અંગે નોંધ લેશો..આજ તારીખઃ ૧૧ માંહે :સપ્ટેમ્બર ૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો
-સહી-
એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ અને મામલતદાર લીમખેડા

**જાહેર નોટીસ એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ દાહોદની કોર્ટમાં**
કેસ.નં.૨૫૪/૨૦૨૬ તા. /૦૯/૨૦૨૬
અરજદારઃ ડામોર શૈલેષભાઈ જોતીભાઈ રહે. ચોસાલા, તા.જિ.દાહોદ
વિરુદ્ધ
સામાવાળાઃ તલાટી કમ મંત્રીશ્રી, ચોસાલા, તા.જિ.દાહોદ

જન્મ મરણ અધિનિયમ કલમ : ૧૩(૩) મુજબની મરણની નોંધણી કરવા બાબત.આથી તમામ લાગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે, અત્રેની કોર્ટના અરજદારશ્રી ડામોર શૈલેષભાઈ જોતીભાઈ ના દાદા/માતા/કાકા નામે (૧) ડામોર દીતાભાઈ જગાભાઈ મરણ તા.૦૮/૦૬/૧૯૯૯ (૨) ડામોર લાડુડીબેન જોતીભાઈ મરણ તા.૦૮/૦૫/૨૦૦૫ (૩) ડામોર બચુભાઈ દિતાભાઈ મરણ તા.૨૭/૧૦/૨૦૦૮ ના રોજ ચોસાલા, તા.જિ.દાહોદ મુકામે તેઓના નિવાસ સ્થાને થયેલ છે, જે અરજી અને સોગંદનામાથી જાહેર કરેલ છે. અરજદારના દાદા/માતા/કાકા નો મરણ થયેલ ત્યારે અરજદાર દ્વારા મરણની નોંધણી તલાટી કમ મંત્રીશ્રી, ચોસાલા, તા.જિ.દાહોદ ના જન્મ-મરણ નોંધણી રજીસ્ટરમાં નોંધ કરાવેલ નથી. તેથી સદરહુ અરજદારને તેમના દાદા/માતા/કાકા નો મરણના દાખલાની જરૂરિયાત હોઈ અરજદાર જન્મ મરણ અધિનિયમની કલમ નં:૧૩(૩) મુજબ અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરની અરજી દાખલ કરેલ છે.જેથી ઉપરોક્ત બાબતે લાગતાં વળગતા જે કોઈ ઈસમને વાંધો, વિરોધ યા તકરાર હોય તો તેઓએ દિન ૦૭ (સાત) માં કે પહેલા જાતે યા વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહેવું. જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો અરજદારની ઉપરોક્ત અરજી બાબતે નામદાર કોર્ટ દ્વારા યોગ્ય હુકમ કરવામાં આવશે જે અંગે નોંધ લેશો.સદરહુ નોટીસ તલાટી કમ મંત્રીશ્રી,ચોસાલા, તા.જિ.દાહોદ એ ચાવડીએ પ્રસિધ્ધ કરવી.આજ તારીખઃ માંહે : સપ્ટેમ્બર-૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો
-સહી-
(પી.બી.ગોહિલ)એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ દાહોદ

# સરકારી કચેરી પણ ન છોડી! કલેક્ટરના નામે બનાવટી સીલ-સિક્કા મારી લોન મેળવવાનો કારસો નિષ્ફળ




ગરબાડા,
ગરબાડા તાલુકાના માતવા ગામના તળાવ ફળિયામાં રહેતા મહેશકુમાર ચુનિયાભાઈ મીનામા નામના શખ્સે પોતાના મકાન અને દુકાનના બાંધકામ માટે આર્થિક લાભ મેળવવા તથા ફાઈનાન્સ કંપની માંથી લોન મંજૂર કરાવવાના ઈરાદાથી ગોધરા કલેક્ટર કચેરીના નામે બોગસ પ્રમાણપત્ર બનાવડાવી તેનો અસલ તરીકે ઉપયોગ કરી ગુનાહિત કારસો રચ્યો હોવાનો પર્દાફાશ થયો છે.

સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, આરોપીએ એજન્ટ મનોજભાઈ મોહનભાઈ પરમાર (રહે. મોરીઝાણા) મારફતે 'શ્રીસાઈ એસોસિએટ્સ' ખાતેથી લોન મેળવવા માટે ફાઈલ તૈયાર કરાવી હતી. આ ફાઈલમાં 'CID, GODHARA JILLA SEVA SADAN COLLECTOR KACHERI COMPAUND, SECOND FLOOR GODHARA' ના સરનામાવાળું "TO WHOM IT MAY CONCERN" લખેલું એક પ્રમાણપત્ર જોડેલું હતું. આ પ્રમાણપત્ર સરકારી કચેરીની કોઈ જાવક નોંધણી કે અસલ સીલ–સિક્કા વગરનું સંપૂર્ણપણે બનાવટી હોવાનું સામે આવ્યું હતું.

દાહોદ LCB પોલીસને સિસ્ટર એજન્સી તરફથી મળેલી ગુપ્ત બાતમીના આધારે હાથ ધરાયેલી ત્વરિત તપાસમાં આ સમગ્ર લોન કૌભાંડ પ્રકાશમાં આવ્યું હતું. પોલીસ તપાસ દરમિયાન વધુ એક ચોંકાવનારો ખુલાસો થયો છે કે, આરોપી અગાઉ લીમડી પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશનના ગુનામાં પણ સંડોવાયેલો હતો.

આ બનાવ અંગે દાહોદ LCBના પોલીસ સબ ઈન્સ્પેક્ટર એન.બી. પરમારે સરકાર તરફથી ફરિયાદી બની આરોપી મહેશકુમાર ચુનિયાભાઈ મીનામા સામે ભારતીય ન્યાય સંહિતા (BNS) ૨૦૨૩ની કલમ ૩૧૬(૨), ૩૩૬, ૩૩૬(૩) તથા ૩૪૦(૨) મુજબ કાયદેસરનો ગુનો દાખલ કરાવ્યો છે. આ કેસ સંબંધિત આગળની વધુ તપાસ દાહોદ એલસીબી ચલાવી રહી છે.

# સિંગવડ તાલુકામાં વરસાદને લઈ ચુંદડી કબૂતરી ડેમમાં ૮૯.૫૬ ટકા પાણીનો જથ્થો નોંધાયો



સીંગવડ,
દાહોદના સિંગવડ તાલુકામાં છેલ્લા બે દિવસથી પડી રહેલા વરસાદને કારણે ચુંદડી કબૂતરી ડેમમાં પાણીની આવક વધી છે. ડેમમાં પાણીનો જથ્થો ૮૯.૫૬ ટકા સુધી પહોંચ્યો છે. આનાથી તાલુકાના નીચાણ વાળા વિસ્તારનાં ખેડૂતોમાં ખુશી છે અને આગામી શિયાળુ ખેતી માટે આશા જાગી છે.

સરકારી આંકડા મુજબ, ચુંદડી કબૂતરી ડેમની મહત્તમ સપાટી ૧૮૬.૩૦ મીટર છે. પાણીની આવક વધતાં હાલ ડેમની સપાટી ૧૮૫.૯૦ મીટર નોંધાઈ છે. છેલ્લા બે દિવસના વરસાદથી નદી–નાળાઓમાં પાણીની આવકમાં નોંધ પાત્ર વધારો જોવા મળ્યો છે, જેના કારણે ડેમમાં પણ પાણીનો જથ્થો વધ્યો છે.

સિંગવડ તાલુકામાં છેલ્લા બે દિવસમાં ૩૧ મીમી વરસાદ નોંધાયો છે. જયારે આ સિઝનનો કુલ વરસાદ ૩૪૬ મીમી જેટલો નોંધાયો છે. લાંબા વિરામ પછી આવેલા વરસાદ અને ડેમમાં વધેલી પાણીની આવકથી ખેડૂતોને મકાઈ, ડાંગર અને સોયાબીન જેવા પાકને ફાયદો થવાની શક્યતા છે.

ડેમમાં પાણીનો સારો જથ્થો ઉપલબ્ધ થવાથી આગામી સમયમાં ખેડુતોને સિંચાઈ માટે સમય સર પાણી મળી રહેશે તેવી શક્યતા છે. ખાસ કરીને શિયાળુ ખેતી માટે પાણીની ઉપલબ્ધતા રહેશે તેવી આશા ખેડૂતોમાં જાગી છે. ડેમમાં વધતી પાણીની આવક હાલ સિંગવડ તાલુકાના ખેડૂતો માટે મોટી રાહત બની છે.

# પીએમ કિસાન યોજનાની ઝાલોદ જેતપુરના ખેડૂતને વાર્ષિક રૂા.૬૦૦૦ની સહાયથી ખેતીમાં ફાયદો



ઝાલોદ,
કેન્દ્ર સરકારે દેશના ખેડૂતોને આર્થિક રીતે મજબૂત બનાવવા અને ખેતીમાં સીધી મદદ આપવા માટે 'પીએમ કિસાન સન્માન નિધિ યોજના' શરૂ કરી છે. આ યોજના ગ્રામીણ વિસ્તારોમાં મોટો બદલાવ લાવી રહી છે. દાહોદ જીલ્લાના ઝાલોદ તાલુકાના જેતપુર ગામના ખેડૂત સુનિલભાઈ હીરાભાઈ ભેદી આ યોજનાના નિયમિત લાભાર્થી છે. તેમણે આ સરકારી મદદથી પોતાની ખેતીને વધુ સારી બનાવી છે.

પીએમ કિસાન સન્માન નિધિ યોજના હેઠળ સુનિલભાઈને દર વર્ષે રૂા.૬,૦૦૦ની આર્થિક મદદ સીધી તેમના બેંક ખાતામાં મળે છે. નાના અને સીમાંત ખેડૂતો માટે આ પૈસા ખૂબ કામના સાબિત થાય છે. સુનિલભાઈ આ રકમનો ઉપયોગ ખેતી માટે જરૂરી સારા બિયારણ, રાસાયણિક અને જૈવિક ખાતરો ખરીદવા માટે કરે છે.

પહેલા તેમને ખેતીની શરૂઆતમાં પૈસાની તંગી રહેતી હતી. પણ હવે સરકાર તરફથી સમયસર પૈસા મળવાથી તેઓ કોઈ પણ આર્થિક મુશ્કેલી વગર ખેતી સમયસર અને સારી રીતે કરી શકે છે. તેનાથી તેમને ખેતરમાં મોટો અને સારો પાક મળે છે.

સરકારની આ યોજનાથી ખેતીમાં મળેલી મોટી રાહત અને આર્થિક મદદ બદલ ખેડૂત સુનિલભાઈ ભેદીએ ખૂબ ખુશી વ્યક્ત કરી છે. તેમણે દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી અને કેન્દ્ર સરકારનો દિલથી આભાર માન્યો હતો.
સરકારની આ સારી પહેલથી દાહોદ જીલ્લાના ખેડૂતો આત્મનિર્ભર બની રહ્યા છે. તેઓ ખેતીમાં નવી ઊંચાઈઓ સર કરી રહ્યા છે.

# સિંગવડમાં સહકારી મંડળીની ૪૧મી વાર્ષિક સભા સાંસદની અધ્યક્ષતામાં મળી



સીંગવડ,
સિંગવડના કોમ્યુનિટી હોલ ખાતે ધી રણધીકપુર વિભાગ મોટા કદની ખેતી વિષયક વિવિધ કાર્યકારી સહકારી મંડળી લિ.ની ૪૧મી વાર્ષિક સાધારણ સભા યોજાઈ હતી. આ સભા દાહોદના સાંસદ જશવંતસિંહ ભાભોરની અધ્યક્ષતામાં થઈ હતી.

આ સભામાં સહકારી ક્ષેત્રના અગ્રણીઓ, ખેડૂત સભાસદો અને વેપારીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. સભા દરમિયાન સહકારી ક્ષેત્રની કામગીરી અને ખેડૂતોના હિત સાથે જોડાયેલા મુદ્દાઓ પર ચર્ચા થઈ હતી. રાજ્ય સરકારની વિવિધ યોજનાઓને સાંકળી લઈ સહકાર દ્વારા ગ્રામીણ વિકાસને કેવી રીતે આગળ વધારવો તે અંગે પણ સંવાદ કરાયો હતો.

ખેડૂતોને સહકારી માળખા સાથે વધુ મજબૂત રીતે જોડવા અને ગામડાઓમાં સહકારી પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપવા અંગે પણ વિચારો રજૂ કરાયા હતા. આ કાર્યક્રમમાં મંડળીના કર્મચારીઓ સહિત ઘણા ખેડૂતો, વેપારીઓ અને સહકારી ક્ષેત્રના આગેવાનો હાજર રહ્યા હતા.

# લીમડીની જીવન પ્રજ્ઞા વિદ્યાલયમાં ગણેશ સ્થાપના

**૧૦૦૮ કમળ પુષ્પો અને વૈદિક મંત્રોચ્ચાર સાથે વિઘ્નહર્તાનું સ્વાગત કરાયું.**



ઝાલોદ,
પવિત્ર ગણેશ ચતુર્થીના શુભ અવસર પર રાજ્યભરમાં ભક્તિભાવનો માહોલ છે. લીમડીમાં આવેલી સપ્તર્ષિ એજ્યુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટ સંચાલિત જીવન પ્રજ્ઞા વિદ્યાલયમાં પણ શ્રી ગણેશજીની પ્રતિમાનું સ્થાપન કરાયું છે.
શાળાના પ્રાંગણમાં ગણેશ મહોત્સવનો પ્રારંભ પૂરી વિધિ સાથે થયો. શાળાના આચાર્ય, શિક્ષકો અને વિદ્યાર્થીઓની હાજરીમાં વૈદિક મંત્રોચ્ચાર સાથે ગણપતિ બાપાનું સ્વાગત કરાયું.

આ પ્રસંગે બાપાના ચરણોમાં ૧૦૦૮ કમળ પુષ્પો અર્પણ કરીને પૂજન–અર્ચન કરવામાં આવ્યું. 'ગણપતિ બાપા મોરિયા, મંગલ મૂર્તિ મોરિયા'ના નાદથી શાળા પરિસર ગુંજી ઉઠ્યું હતું.

આ મહોત્સવનો હેતુ વિદ્યાર્થીઓમાં બાળપણથી જ ભારતીય સંસ્કૃતિ અને ઉચ્ચ સાંસ્કૃતિક મૂલ્યોનું સિંચન કરવાનો છે. ઉત્સવ દરમિયાન આગામી દિવસોમાં વિદ્યાર્થીઓ માટે વિવિધ ધાર્મિક, રચનાત્મક અને શૈક્ષણિક પ્રવૃત્તિઓનું પણ આયોજન કરાયું છે, જેમાં બાળકો ઉત્સાહપૂર્વક ભાગ લઈ રહ્યા છે.વિદ્યાર્થીઓ અને શિક્ષકોના સહયોગથી યોજાયેલા આ ગણેશ મહોત્સવથી સમગ્ર શાળા પરિવારમાં આનંદ અને ઉત્સાહનો માહોલ છે.

# દાહોદની નવજીવન સાયન્સ કોલેજ ઓટોનોમસ દ્વારા દહી હાંડી ઉત્સવની ઉજવણી કરવામાં આવી



દાહોદ,
દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી સંચાલિત ઓટોનોમસ નવજીવન સાયન્સ કોલેજના વિદ્યાર્થી સંઘ દ્વારા કોલેજમાં હાંડી ઉત્સવની ઉજવણીમાં ઉજવણીમાં મટકી ફોડ કા્યક્રમનું આયોજન તા.૧૦–૦૯–૨૦૨૬ ના રોજ કરવામાં આવેલ હતું. આ પ્રસંગે દાહોદની સંસ્કૃતિને ઉજાગર કરતી ફિલ્મ કડકનાથના કલાકારો ચેતનભાઈ સોલંકી, વિજયભાઈ ગણાવા, ઉત્સવ સોલંકી, શિવરામ રોઝ અને રાહુલ અમલીયાર આ પ્રસંગે ઉપસ્થિત રહીને વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. કોલેજના કાર્યકારી આચાર્ય ડૉ. જી.જે.ખરાદી એ પ્રોત્સાહન આપીને આયોજનને બિરદાવ્યુ હતું. સમગ્ર કાર્યક્રમ વિદ્યાર્થી સંઘના પ્રોફેસર ઈન્ચાર્જ ડૉ. વી.જે.ચૌહાણ અને ધ્રુવી પટેલની આગેવાની હેઠળ થયેલ હતો. કોલેજના સ્ટાફ સભ્યો એ પણ ખૂબ ઉત્સાહપૂર્વક ભાગ લીધેલ હતો.

# જાંબુઘોડ પોલીસે છોટાઉદેપુર-અમદાવાદ રૂટ ની બસ માંથી ૧૧૦ ઈંગ્લીશ દારૂ ઝડપાયો

જાંબુઘોડા,
જાંબુઘોડા પોલીસે છોટાઉદેપુર–અમદાવાદ રૂટની એક જઝ બસમાંથી વિદેશી દારૂના ૧૧૦ ક્વાર્ટરિયા સાથે એક વ્યકિતને પકડયો છે. પોલીસે જાંબુઘોડા મેઈન રોડ પર દરોડો પાડી આ કાર્યવાહી કરી હતી. પોલીસને ખાનગી બાતમી મળી હતી કે, ગુજરાત ST નિગમની બસમાં ગેરકાયદેસર રીતે વિદેશી દારૂની હેરાફેરી થઈ રહી છે. આ બસ છોટાઉદેપુરથી અમદાવાદ જઈ રહી હતી.

આ બાતમીના આધારે જાંબુઘોડા પોલીસે મેઈન રોડ પર વોચ ગોઠવી હતી. પોલીસે બસને રોકાવીને તપાસ કરી. બસના લગેજ ખાનામાં રાખેલા એક કાળા થેલામાંથી ભારતીય બનાવટના વિદેશી દારૂના ૧૧૦ ક્વાર્ટરિયા મળ્યા હતા. પોલીસે દારૂના જથ્થા સાથે છોટાઉદેપુરના નવા ફળિયામાં રહેતા પ્રીતેશભાઈ સુરેશભાઈ ભોઈ નામના વ્યકિતની ધરપકડ કરી છે. જાંબુઘોડા પોલીસે આ મામલે ગુનો નોંધીને આગળની કાર્યવાહી શરૂ કરી છે.

# દાહોદમાં ઉપરવાસમાં વરસાદથી હડપ નદી બે કાંઠે વહેતી થઈ ખેડૂતોમાં આનંદ



ફતેપુરા,
દાહોદ જીલ્લા અને ઉપરવાસના વિસ્તારોમાં સારો વરસાદ થતા નદી–નાળાઓમાં નવા પાણીની આવક શરૂ થઈ છે. ખાસ કરીને લીમખેડા અને સિંગવડ તાલુકામાંથી પસાર થતી મહત્વની હડપ નદીમાં નવા પાણી આવતા તે બે કાંઠે વહેતી થઈ છે.લાંબા સમયથી વરસાદ ખેંચાતા ખેડૂતો ચિંતિત હતા અને વરસાદની રાહ જોઈ રહ્યા હતા. ઉપરવાસમાં થયેલા સાર્વત્રિક વરસાદથી હડપ નદીમાં પાણીનું સ્તર વધ્યું છે.

હડપ નદીમાં પાણી વધવાથી ખેતીના પાકને નવું જીવન મળવાની આશા બંધાઈ છે. આનાથી સમગ્ર પંથકના ખેડૂતોમાં ઉત્સાહ જોવા મળી રહ્યો છે. ગ્રામજનો પણ નદીના નવા પાણીના વધામણાં કરવા પહોંચી રહ્યા છે.

# દિવાળીના તહેવાર માટે ફટાકડાના હંગામી વેચાણ અને સંગ્રહના પરવાના મેળવવા અરજીઓ આવકાર્ય

**અરજી કરવાની છેલ્લી તારીખ ૦૯ ઓક્ટોબર ૨૦૨૬: નિયત નમૂનામાં ૩ નકલોમાં અરજી કરવાની રહેશે.**

ગોધરા,
માહે નવેમ્બર–૨૦૨૬માં આવતા આસો/કાર્તિકી દિવાળીના તહેવારોને ધ્યાને રાખીને શહેરા અને મોરવા (હડફ) તાલુકા વિસ્તારમાં ફટાકડાના હંગામી સંગ્રહ તથા વેચાણનો પરવાનો મેળવવા માંગતા વેપારીઓ અને અરજદારો પાસેથી નિયત નમૂનાના અરજી ફોર્મ (એ.ઈ.–૫)માં અરજીઓ મંગાવવામાં આવી છે.

પરવાનો મેળવવા ઈચ્છુક અરજદારોએ તા. ૦૯/૧૦/૨૦૨૬ સુધીમાં (જાહેર રજાના દિવસો સિવાય) તમામ જરૂરી આધાર–પુરાવા સાથે અરજી ફોર્મ રૂા. ૩/– ની કોર્ટ ફી સ્ટેમ્પ લગાડીને ૩ (ત્રણ) નકલોમાં સંબંધિત કચેરી ખાતે રજૂ કરવાના રહેશે.
અરજી સાથે રજૂ કરવાના જરૂરી આધાર પુરાવાઃ
ચલણઃ સરકારી સદર "૦૦૭૦–૬૦–૧૦૩–૦૦" (O.A.S.) હેઠળ તપાસણી ફી રૂા. ૩૦૦/– અને પરવાના ફી રૂા. ૬૦૦/– મળી કુલ રૂા. ૯૦૦/– જમા કરાવ્યાનું અસલ ચલણ.
નકશોઃ સૂચિત સ્થળની ૧૫ મીટરની ત્રિજ્યામાં આવેલી અન્ય દુકાનો, શાળા, હોસ્પિટલ, પેટ્રોલ પંપ કે જ્વલનશીલ ગોડાઉન દર્શાવતો એપ્રુવ્ડ નકશો.
ઓળખ તથા જગ્યાના પુરાવા : ૨ પાસપોર્ટ સાઈઝ ફોટા, આધાર કાર્ડ અથવા ચૂંટણી કાર્ડની સ્વપ્રમાણિત નકલ, જગ્યાની માલિકીનો પુરાવો અથવા ભાડા–કરાર તેમજ મકાનમાલિકનું સંમતિ એફિડેવિટ.
NOC અને અન્ય પ્રમાણપત્ર : સ્થાનિક નગરપાલિકા/ગ્રામ પંચાયતનું "ના વાંધા પ્રમાણપત્ર" (NOC), સ્થાનિક સંસ્થાનું સરકારી વસુલાત બાકી ન હોવાનું પ્રમાણપત્ર તેમજ ગત વર્ષના પરવાનાની નકલ (જો ઉપલબ્ધ હોય તો).

ફાયર સેફ્ટીઃ સરકારી નિયમોનુસાર નિર્ધારિત ફાયર સેફ્ટીના સાધનોની વ્યવસ્થા વેપારીઓએ વ્યક્તિગત અથવા સંગઠિત ધોરણે જાતે કરવાની રહેશે. ૫૦૦ ચોરસ મીટરથી વધુ ક્ષેત્રફળ ધરાવતી દુકાન માટે રીજીયોનલ ફાયર ઓફિસર, વડોદરાનું ગયઈ રજૂ કરવું ફરજીયાત છે.અત્રે ઉલ્લેખનીય છેકે,એક અરજદાર એકથી વધુ પરવાના માટે અરજી કરી શકશે નહીં. તા. ૦૯/૧૦/૨૦૨૬ બાદ મળેલ અથવા અધૂરી વિગતોવાળી અરજીઓ ધ્યાને લેવામાં આવશે નહીં, જેની સંબંધિત તમામ અરજદારોએ નોંધ લેવી.

# કારઠ શાળામાં ડો. ધવલ નાયકે પુત્રીના જન્મદિને શૈક્ષણિક સાધનોની ભેટ આપી



ઝાલોદ,
કારઠ ગામના જાણીતા ડો. ધવલ નાયકના પરિવારે એક ઉદાહરણ પૂરૂં પાડયું છે. તેમણે પોતાની દીકરી પ્રાંશીના જન્મદિવસ નિમિત્તે કારઠ પ્રાથમિક શાળા પીએમ ગુજરાતને રૂા.૪૨,૦૦૦નું દાન આપ્યું છે. આ દાન શૈક્ષણિક સુવિધાઓ માટે આપવામાં આવ્યું છે.

આ દાનમાં શાળાના બાળકો માટે 2 LED ટીવી અને ૧ સ્પીકર સેટ ભેટ તરીકે આપવામાં આવ્યા છે. આ આધુનિક સાધનોથી વિદ્યાર્થીઓ માટે ડિજીટલ શિક્ષણના નવા દરવાજા ખુલશે. તેનાથી શાળાના શૈક્ષણિક વાતાવરણને નવો વેગ મળશે.

આ પ્રસંગે શાળાના મેદાનમાં એક કાર્યક્રમ યોજાયો હતો. જેમાં પ્રાંશીએ કેક કાપીને પોતાનો જન્મદિવસ ઉજવ્યો હતો. શાળા પરિવારે ડો. ધવલ નાયક અને તેમના પરિવારનું સન્માન કર્યું હતું. શાળા પરિવારે નાયક પરિવારને શ્રી ગણેશજીની મૂર્તિ ભેટ આપી. નાની પ્રાંશીને જન્મદિવસની ભેટ તરીકે રમકડાની કાર આપવામાં આવી.

કાર્યક્રમના અંતે હાજર રહેલા બાળકોમાં ચોકલેટ વહેંચવામાં આવી હતી. શાળાના આચાર્ય દિનેશભાઈ ડામોરે ડો. ધવલ નાયક અને તેમના સમગ્ર પરિવારનો આભાર માન્યો હતો. નાયક પરિવારના આ કાર્યથી ગામ લોકો અને વાલીઓમાં પણ ખુશી ફેલાઈ હતી.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www.panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 30, No.21

# ગોધરા શહેરમાં વહેલી સવારે બે કલાકમાં ૩ ઈંચ વરસાદ ખાબકતા માર્ગો પર પાણી ફરી વળ્યા

## મેશરી નદી બે કાંઠે વહેતી થઈ, મેશરી નદી કોઝ વે પર વાહન વ્યવહાર બંધ કરાયો.

ગોધરા,

ગોધરા શહેરમાં આજે વહેલી સવારે ધોધમાર વરસાદ ખાબકયો હતો. બે કલાકમાં ૩ ઈંચ ઉપરાંત વરસાદ નોંધાતા શહેરના મુખ્ય માર્ગો પર પાણી ભરાઈ ગયા હતા. ભારે વરસાદને લઈ મેશરી નદી બે કાંઠે વહેતી જોવા મળી હતી. સતત પડી રહેલા વરસાદને લઈ વાતાવરણમાં ઠંડક પ્રસરી જવા પામી છે.



પંચમહાલ જીલ્લામાં સવારે ૬ વાગ્યા થી ૮ વાગ્યા સુધી નોંધાયેલ વરસાદના આંકડા...
શહેરા – ૨૧ મી.મી.
મોરવા(હ) – ૨૧ મી.મી.
ગોધરા – ૩ ઈંચ
કાલોલ – ૨૦ મી.મી.
ઘોઘંબા – ૨૨ મી.મી.
હાલોલ – ૫૧ મી.મી.
જાંબુઘોડા – ૩ મી.મી.

પંચમહાલ જીલ્લા સહિત ગોધરા શહેરમાં વહેલી સવારે ધોધમાર વરસાદ ખાબકયો હતો. સવારે ૬ વાગ્યા થી ૮ વાગ્યા સુધીમાં ગોધરા શહેરમાઃ ૩.૪ ઈંચ વરસાદ નોંધાવા પામ્યો હતો. ભારે વરસાદને લઈ શહેરના માર્ગો ઉપર પાણી ફરી વળ્યા હતા. નિચાણવાળા વિસ્તારોમાં વરસાદી પાણી ભરાયા હતા. ધોધમાર વરસાદને લઈ મેશરી નદી બે કાંઠે વહેતી થઈ હતી. મેશરી નદીના કોઝ વે પાણી ફરી વળતા વાહન વ્યવહાર બંધ કરવામાં આવ્યો હતો. ભારે વરસાદને લઈ જીલ્લા સેવા સદન, જીલ્લા પંચાયત કચેરી, તાલુકા પંચાયત કચેરી સહિત કોર્ટ રોડ ઉપર વરસાદી પાણી ભરાતા વાહન ચાલકોને હાલાકી વેઠવી પડી હતી. ગોધરામાં સતત બીજા દિવસે પણ મેઘરાજાએ ધબરાટી બોલાવતા વાતાવરણમાં ઠંડક પ્રસરી જવા પામી છે અને દિવસભર વાતારવણ વાદળછાયું રહ્યું છે.

# હડફ ડેમના ૩ ગેટ ચાર ફૂટ સુધી ખોલીને ૧૬,૩૬૮ ક્યુસેક પાણી છોડાયુંઃ પાનમ નદી કાંઠાના નીચાણવાળા ગામોને સાવચેત કરાયા

શહેરા,

પંચમહાલ જીલ્લામાં વરસેલા વરસાદને પગલે જળાશયોમાં પાણીની તોતિંગ આવક નોંધાઈ હતી. ઉપરવાસમાં પડેલા અનરાધાર વરસાદના કારણે હડફ ડેમની જળસપાટીમાં સતત વધારો થતાં તંત્ર દ્વારા રૂલ લેવલ જાળવી રાખવા તબક્કાવાર પાણી છોડવામાં આવ્યુ હતુ.ડેમના ૩ ગેટ ૪ ફૂટ સુધી ખોલીને ૧૬,૩૬૮ ક્યુસેક પાણી પાનમ નદીમાં છોડવામાં આવતાં નદી બે કાંઠે વહેતી થઈ હતી, તંત્ર દ્વારા સાવચેતીના ભાગરૂપે નદી કિનારે આવેલા તમામ નીચાણવાળા ગામોના રહીશોને નદી પટ તરફ ન જવાની કડક અપીલ કરવામાં આવી હતી.

પંચમહાલ જીલ્લામાં મેઘરાજાએ ધમાકેદાર પુનઃએન્ટ્રી કરતાં જીલ્લાના મુખ્ય જળાશયોમાં પાણીની તોતિંગ આવક નોંધાઈ હતી. વરસાદી માહોલ જામતાં જ ખેડૂતો અને સ્થાનિકોમાં હરખની હેલી જોવા મળી હતી,હડફ ડેમના ઉપરવાસમાં વરસાદની હેલી થતા સારી એવી પાણીની આવક નોંધાવવા સાથે જળાશય છલોછલ ભરાઈ જવાની આરે પહોંચ્યો હતો હડફ ડેમની જળસપાટીમાં સતત અને ઝડપી વધારો નોંધાતાં ડેમની સલામતી અને રૂલ લેવલ જાળવી રાખવા માટે સિંચાઈ વિભાગ તથા જીલ્લા તંત્ર દ્વારા જળાશય માંથી પાણી છોડવાનો તાત્કાલિક નિર્ણય લેવામાં આવ્યો હતો. ડેમનું વોટર લેવલ નિયંત્રણમાં રાખવાના ભાગરૂપે તબક્કાવાર પાણી છોડવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી.હડફ ડેમના ૩ ગેટ ૪ ફૂટ સુધી ખોલીને કુલ ૧૬,૩૬૮ ક્યુસેક જેટલો પાણીનો જથ્થો પાનમ નદીમાં છોડવામાં આવતા નદી બે કાંઠે વહેતી થઈ હતી. પાનમ નદીમાં ૧૬ હજાર ક્યુસેકથી વધુ પાણી છોડાતાં જ સ્થિતિની ગંભીરતા સમજીને પંચમહાલ જીલ્લા વહીવટી તંત્ર તાત્કાલિક ધોરણે એલર્ટ મોડ પર આવી ગયું હતું. પાનમ સિંચાઈ



વિભાગના નાયબ કાર્યપાલક ઈજનેર અને મામલતદાર કચેરી દ્વારા સ્થિતિ પર સતત નજર રાખવામાં આવી રહી હતી. નદીના વહેણ ક્ષેત્રમાં અને કિનારે આવેલા તમામ નીચાણવાળા ગામોના સરપંચો, તલાટીઓ અને ગ્રામજનોને અગમચેતીના ભાગરૂપે એલર્ટ કરી દેવામાં આવ્યા હતા.સાથે તંત્ર દ્વારા પાનમ નદીના પટ તરફ કે કિનારે ન જવાની કડક સૂચના અને અપીલ કરવામાં આવી હતી.તંત્ર દ્વારા પરિસ્થિતિ પર સતત નિરીક્ષણ કરવામાં આવી રહ્યું હોવા સાથે જળાશયના ઉપરવાસમાં વરસાદ શરૂ રહેતા હડફ ડેમમાંથી તબક્કા વાર પાણી છોડવામાં આવી રહ્યું હતું. એક તરફ વરસી રહેલા વરસાદથી જગતનો તાત ખુશખુશાલ થયો હતો તો બીજી તરફ જીલ્લા વાસીઓને ગરમી અને ઉકળાટ ભર્યા વાતાવરણમાંથી મુક્તિ મળી હતી.

# ગોધરામાં ૧૦૮ ટીમે ઉજ્જૈનથી વડોદરા જતી મહિલાની સુરક્ષિત પ્રસુતિ કરાઈ



ગોધરા,

ગોધરા રેલ્વે સ્ટેશન પર ૧૦૮ ઈમરજન્સી ટીમે ટ્રેનમાં એક ગર્ભવતી મહિલાની સુરક્ષિત પ્રસુતિ કરાવી છે. ટીમે સમયસર કાર્યવાહી કરીને માતા અને બાળકનો જીવ બચાવ્યો હતો.

૨૬ વર્ષીય પાયલબેન સંદીપભાઈ ઉજ્જૈનથી કોટા–વડોદરા પાર્સલ પેસેન્જર ટ્રેનમાં વડોદરા જઈ રહ્યા હતા. મોડી રાત્રે ટ્રેન ગોધરા નજીક પહોંચી ત્યારે તેમને અચાનક પ્રસુતિ પીડા ઉપડી. આ કારણે તેમની તબિયત બગડી હતી. તરત જ ૧૦૮ ઈમરજન્સી સેવાને જાણ કરવામાં આવી.

ઈમરજન્સી કોલ મળતા જ ૧૦૮ના EMT નિલેશ બારીયા અને પાયલોટ રિતેશભાઈ ભાટીયા તરત ગોધરા રેલ્વે સ્ટેશન પહોંચ્યા. પરિસ્થિતિની ગંભીરતા જોઈને ૧૦૮ની ટીમે ટ્રેનના કોચની અંદર જ જરૂરી તબીબી સાધનોની મદદથી પ્રસુતિ કરાવી.ટીમની સમયસરની કામગીરીને કારણે મહિલાની સફળ પ્રસુતિ થઈ. પ્રસુતિ પછી માતા અને નવજાત બાળક બંનેની પ્રાથમિક તપાસ કરવામાં આવી. વધુ સારવાર માટે તેમને ગોધરા સિવિલ હોસ્પિટલ લઈ જવાયા છે. હાલ માતા અને બાળકની તબિયત સ્થિર હોવાનું જાણવા મળ્યું છે.

# કાલોલની કરાનામુવાડા પ્રાથમિક શાળા ખાતે 'સ્વચ્છતા પખવાડિયા'ની ઉત્સાહભેર ઉજવણી



કાલોલ,

ગુજરાત સરકારના આદેશાનુસાર કાલોલ તાલુકાની કરાનામુવાડા પ્રાથમિક શાળામાં તા.૦૧/૦૯/૨૬ થી તા. ૧૫/૦૯/૨૬ દરમિયાન 'સ્વચ્છતા પખવાડિયા'ની શાનદાર ઉજવણી કરવામાં આવી હતી.

આ પખવાડિયા દરમિયાન શાળામાં વિવિધ રચનાત્મક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સ્વચ્છતા શપથ ગ્રહણ, જાગૃતિ રેલી, શાળા પરિસરમાં સફાઈ તેમજ વર્ગખંડોની ઓફીસની,મદયાહન ભોજન કક્ષની,પાણીની ટાંકીની અને વિદ્યાર્થીઓની વ્યક્તિગત સ્વચ્છતા (નખ, વાળ અને દાંતની સંભાળ) અંગે વિશેષ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ ઉપરાંત બાળકો દ્વારા સ્વચ્છતા વિષયક ચિત્ર સ્પર્ધા, નિબંધ લેખન, સ્લોગન અને પ્રેરણાદાયી સૂત્રો લેખનની પ્રવૃત્તિઓ ઉત્સાહભેર યોજાઈ હતી.

પખવાડિયાના અંતિમ દિવસે બાળકો અને શાળા દ્વારા કરવામાં આવેલી વિવિધ પ્રવૃત્તિઓનું એક ભવ્ય પ્રદર્શન યોજવામાં આવ્યું હતું, તેમજ શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર વિદ્યાર્થીઓને ઈનામ વિતરણ કરી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવામાં ગ્રામજનો અને એસ.એમ.સી. (SMC)ના સભ્યો દ્વારા પૂરતો સાથ અને સહકાર સાંપડ્યો હતો. શાળાના બંને શિક્ષિકા બહેનો નયનાબેન પટેલ અને કૈલાસબેન પટેલ દ્વારા સમગ્ર આયોજનનું સફળ સંચાલન કરી સ્વચ્છતા પખવાડિયાની ઉજવણીને દીપાવવામાં આવી હતી.

# હાલોલમાં ધોધમાર વરસાદથી નીચાણવાળા વિસ્તારો જળબંબાકાર થયા

હાલોલ,

પંચમહાલના હાલોલ પંથકમાં વહેલી સવારથી જ વરસાદી માહોલ છવાયો હતો. હાલોલ શહેર ઉપરાંત શિવરાજપુર અને આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં ધોધમાર વરસાદ વરસતા સમગ્ર પંથકમાં ઠંડક ફેલાઈ ગઈ હતી. લાંબા સમય પછી પડેલા વરસાદથી ખેડૂતોમાં પણ ખુશી જોવા મળી હતી.

વહેલી સવારથી શરૂ થયેલા વરસાદે ઝડપથી જોર પકડ્યું હતું. લગભગ એક કલાક સુધી પડેલા ભારે વરસાદના કારણે હાલોલ શહેરના નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયું હતું. રસ્તાઓ પર પાણી ફરી વળતા વાહનચાલકો અને રાહદારીઓને આવવામાં–જવામાં મુશ્કેલી પડી હતી. શહેરના કેટલાક



વિસ્તારોમાં વરસાદી પાણીનો યોગ્ય નિકાલ ન થતાં રસ્તાઓમાં પાણી ભરાવાની સ્થિતિ બની હતી. જેના કારણે સ્થાનિક લોકોમાં નારાજગી જોવા મળી હતી. દર વર્ષે ચોમાસા પહેલા નગરપાલિકા દ્વારા પ્રિ–મોન્સૂન કામગીરી કરવામાં આવતી હોવા છતાં, માત્ર એક કલાકના વરસાદમાં જ અનેક વિસ્તારોમાં પાણી ભરાતા આ કામગીરી પર સવાલ ઉઠી રહ્યા છે.સ્થાનિકોના જણાવ્યા મુજબ, વરસાદી પાણીના નિકાલ માટેની ગટર વ્યવસ્થા અને ડ્રેનેજ લાઈનની યોગ્ય સફાઈ તેમજ જરૂરી કામગીરી સમયસર કરવામાં આવે તો ભારે વરસાદ દરમિયાન પાણી ભરાવાની સમસ્યામાં ઘટાડો થઈ શકે છે. ચોમાસાની શરૂઆતમાં જ આવી સ્થિતિ બનતા, આગળ ભારે વરસાદ પડશે તો શહેરમાં સ્થિતિ વધુ ખરાબ થઈ શકે છે તેવી ચિંતા પણ વ્યક્ત કરાઈ રહી છે.બીજી તરફ, હાલોલ તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં વહેલી સવારથી સારો વરસાદ વરસતા ખેડૂતોમાં આનંદ જોવા મળ્યો હતો. ખેતી માટે વરસાદની આતુરતાથી રાહ જોતા ખેડૂતો માટે આ વરસાદે આશા જગાવી છે. વરસાદને પગલે ખેતરોમાં ભેજ વધતા આગામી ખેતીની કામગીરી માટે પણ અનુકૂળ વાતાવરણ બન્યું છે.હાલોલ શહેરમાં વરસાદી પાણીના નિકાલની સમસ્યાનો કાયમી ઉકેલ લાવવા અને ચોમાસા દરમિયાન લોકોની મુશ્કેલી ન વધે તે માટે નગરપાલિકા અસરકારક આયોજન કરે તેવી સ્થાનિકોમાં માંગ ઉઠી છે.

# કાલોલ તાલુકાના બેઢીયા ગામે પૂર્વ સરપંચ સ્વ. નટુભાઈની પરંપરાને પરિવારે જીવંત રાખી : વિવિધ ગણેશ મંડળોને ગણપતિ બાપ્પાની મૂર્તિઓનું નિઃશુલ્ક વિતરણ કરાયું



કાલોલ,

કાલોલ તાલુકાના બેઢીયા ગ્રામ પંચાયતના સરપંચ પરિવાર દ્વારા આ વર્ષે પણ ગણેશ ચતુર્થીના પવિત્ર પર્વ નિમિત્તે વિવિધ ગણેશ મંડળોને નિઃશુલ્ક ગણપતિ બાપ્પાની મૂર્તિઓનું વિતરણ કરીને ધાર્મિક અને સામાજિક એકતાનું ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરૂં પાડવામાં આવ્યું છે.

બેઢીયા ગામના પૂર્વ સરપંચ સ્વ. નટુભાઈ દ્વારા ગામમાં શ્રદ્ધા અને એકતા સુદ્રઢ થાય તે હેતુથી નિઃશુલ્ક મૂર્તિ વિતરણની સુંદર પરંપરા શરૂ કરવામાં આવી હતી. સ્વ. નટુભાઈના અવસાન બાદ પણ તેમના પરિવારે આ પવિત્ર પરંપરાને અકબંધ રાખીને ગણેશ ઉત્સવ દરમિયાન મૂર્તિઓનું નિઃશુલ્ક વિતરણ ચાલુ રાખ્યું છે.

આ નિઃશુલ્ક મૂર્તિ વિતરણ પાછળનો મુખ્ય ઉદ્દેશ્ય ગામના સૌ ભકતજનો વિઘ્નહર્તા ગણપતિ બાપ્પાની પોતાના મંડળો અને ઘરોમાં સ્થાપના કરી પૂજા–અર્ચના કરે, બાપ્પાના આશીર્વાદ મેળવે તેમજ બાપ્પા સૌનું કલ્યાણ કરે તેવો છે. આ સાથે જ બાર બેઢીયા વિસ્તારમાં શાંતિ, એકતા અને ભાઈચારાની ભાવના સતત જળવાઈ રહે તે માટે સરપંચ પરિવાર દ્વારા આ સરાહનીય કાર્ય કરવામાં આવી રહ્યું છે. ગામના વિવિધ ગણેશ મંડળોના આયોજકોએ મૂર્તિઓ મેળવી સરપંચ પરિવારનો આભાર વ્યક્ત કર્યો હતો અને ભાવપૂર્વક બાપ્પાની સ્થાપના કરવાની તૈયારીઓ હાથ ધરી હતી.

# ટીંબાગામ પ્રાથમિક શાળામાં ભક્તિભાવ અને ઉત્સાહ સાથે ગણેશ સ્થાપના કરવામાં આવી

કાલોલ,

ગોધરા તાલુકાની ટીંબાગામ પ્રાથમિક શાળામાં ગણેશ ચતુર્થી નિમિત્તે ભગવાન શ્રી ગણેશજીની સ્થાપના ભક્તિભાવ, શ્રદ્ધા અને ઉત્સાહના વાતાવરણમાં કરવામાં આવી હતી.



શાળા પરિવાર દ્વારા શુભ મુહૂર્તે ભગવાન શ્રી ગણેશજીની મૂર્તિની વિધિવત સ્થાપના કરી પૂજન–અર્ચન, મંત્રોચ્ચાર અને આરતી કરવામાં આવી હતી. આ પ્રસંગે શાળાના મુખ્ય શિક્ષક, શિક્ષકગણ તથા વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ગણેશજીના દર્શન કરી આરતીમાં ભાગ લીધો હતો.ગણેશ સ્થાપના પ્રસંગે વિદ્યાર્થીઓને ભગવાન શ્રી ગણેશજીના જીવન અને સ્વરૂપમાંથી જ્ઞાન, બુદ્ધિ, એકાગ્રતા, વિનમ્રતા અને સારા સંસ્કારો ગ્રહણ કરવાની પ્રેરણા આપવામાં આવી હતી. શાળામાં ભારતીય સંસ્કૃતિ અને તહેવારોનું મહત્વ સમજાવતા આવા કાર્યક્રમો દ્વારા બાળકોમાં પરંપરા, સંસ્કાર અને આધ્યાત્મિક મૂલ્યોનું જતન થાય તેવો સુંદર પ્રયાસ કરવામાં આવ્યો હતો.કાર્યક્રમ દરમિયાન સમગ્ર શાળા પરિસર ગણપતિ બાપ્પા મોરિયાના જયઘોષથી ગુંજી ઉઠ્યું હતું. વિદ્યાર્થીઓમાં અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો. સૌએ સાથે મળીને ભગવાન શ્રી ગણેશજી પાસે શાળાના તમામ વિદ્યાર્થીઓના ઉજ્જ્વળ ભવિષ્ય, શિક્ષકોના સુખ–સમૃદ્ધિ તથા સમગ્ર સમાજના કલ્યાણ માટે પ્રાર્થના કરી હતી.આ પ્રસંગે ટીંબાગામ પ્રાથમિક શાળાના મુખ્ય શિક્ષક સતીશ પ્રજાપતિના માર્ગદર્શન હેઠળ શિક્ષકગણ તથા શાળા પરિવારે કાર્યક્રમને સફળ બનાવવા માટે સહયોગ આપ્યો હતો.ગણેશ સ્થાપનાના આ પાવન અવસરે શાળામાં ભક્તિ સાથે શિક્ષણ, સંસ્કાર સાથે સંસ્કૃતિ અને એકતા સાથે ઉત્સવનો સુંદર સમન્વય જોવા મળ્યો હતો.

# કાલોલવાસીઓની લાંબા સમયની માંગણી પૂર્ણઃ મેઈન હાઈવે કાશીમાબાદ થી શામળદેવી રોડ પર નવા થાંભલા સાથે LED લાઈટો શરૂ, સ્થાનિકોમાં ખુશી

કાલોલ,

પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના જન સેવાના ૨૫ વર્ષની ઉજવણીના ભાગરૂપે ચાલી રહેલા ''સેવા સંકલ્પ અભિયાન–૨૦૨૬'' અંતર્ગત કાલોલ નગરમાં વિકાસ કાર્યોને વેગ મળ્યો છે. ત્યારે હાલોલ–ગોધરા નગરમાંથી પસાર થતા મેન હાઈવે રોડ જેમાં કાશીમાબાદ સોસાયટીથી લઈ શાંતિનિકેતન સંકુલ હાઈવે રોડ સુધી એલઈડી લાઈટ બંધ હાલતમાં હોય તેને નવી એલઈડી લાઈટ ચાલુ કરાવી તેમ જ મહર્ષિ વિદ્યાલય શામળદેવી રોડ અને એમજીએસ સ્કુલ થી સ્ટેશન રોડ પર છેલ્લા લાંબા સમયથી સ્ટ્રીટ લાઈટ મુકવાની માંગણી સ્થાનિકો દ્વારા કરવામાં આવી રહી હતી. આ માંગણીને ધ્યાને લઈ કાલોલ નગરપાલિકા દ્વારા સૌનો સાથ સૌનો વિકાસ સૌનો વિશ્વાસ સૌનો પ્રયાસ સાથે વિકાસ કામ હાથ ધરવામાં આવતા સ્થાનિક લોકોએ ખુશી વ્યક્ત કરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, સ્વર્ણિમ જ્યંતિ મુખ્યમંત્રીશ્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત આશરે ૨૧ લાખના ખર્ચે અને ૧૫% વિવેકાધીન ૨૦૨૪–૨૫ વર્ષની ગ્રાન્ટ અંતર્ગત આશરે ૫ થી ૬ લાખના ખર્ચે આ કામગીરી પૂર્ણ કરવામાં આવી છે. જ્યાં વરસતા વરસાદે કાલોલ નગરપાલિકાના પ્રમુખ હસમુખભાઈ મકવાણા દ્વારા જાતે તિરંગા સર્કલ ખાતે ઉપસ્થિત રહી નવી LED લાઈટો ચાલુ કરાવવામાં આવી હતી.



એટલું જ નહીં, મહર્ષિ વિદ્યાલય શામળદેવી તલાવડી વાળા વિસ્તારની સોસાયટીઓ અંદાજીત છ થી સાત લાખના ખર્ચે નવા થાંભલાઓ નાખીને તેની સાથે નવી LED લાઈટો કાર્યરત કરવામાં આવતા સમગ્ર વિસ્તાર સ્ટ્રીટ લાઈટોથી ઝળહળી ઉઠ્યો છે. ત્યારે કુલ મળીને આશરે ૨૬ લાખથી વધુના ખર્ચે થયેલા આ કામથી લાંબા સમયની પડતર માંગણી સંતોષાતા સમગ્ર વિસ્તારમાં આનંદની લાગણી વ્યાપી ગઈ છે અને સ્થાનિક લોકોમાં ખુશીની લહેર છવાઈ ગઈ છે.

# શહેરા સહિત સમગ્ર જીલ્લામાં કેવડાત્રીજની શ્રદ્ધાભેર ઉજવાઈ કરાઈ : સૌભાગ્યવતી સ્ત્રીઓએ માટીના શિવલિંગનું પૂજન કર્યું

શહેરા,

શહેરા સહિત સમગ્ર જીલ્લાભરમાં 'કેવડાત્રીજ'ની ભારે શ્રદ્ધા અને આસ્થા સાથે ઉજવણી કરવામાં આવી હતી. પોતાના પતિના દીર્ઘાયુ, પરિવારની સમૃદ્ધિ અને અખંડ સૌભાગ્યની કામના સાથે પરિણિત મહિલાઓએ ભોલેનાથની પૂજા–અર્ચના કરી હતી.શહેરા સહીત સમગ્ર જીલ્લાભરમાં સૌભાગ્યવતી સ્ત્રીઓએ કેવડાત્રીજની શ્રદ્ધા અને ભક્તિભાવપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી,સૌભાગ્યવતી સ્ત્રીઓ થાળમાં વિવિધ પૂજા સામગ્રી, ધૂપ–દીપ, ફળ–ફૂલ અને વિશેષ રૂપે કેવડો લઈને મંદિર પરિસરમાં એકત્ર થઈ હતી. બ્રાહ્મણોના વૈદિક મંત્રોચ્ચાર વચ્ચે મહિલાઓએ શાસ્ત્રોક્ત વિધિ મુજબ રેતી તથા શુદ્ધ માટીમાંથી શિવલિંગ બનાવી તેની સ્થાપના કરી હતી. ત્યારબાદ પંચામૃત સ્નાન કરાવી, બિલિપત્ર અને વર્ષમાં માત્ર એક જ દિવસ શિવજીને અતિ પ્રિય એવા કેવડાના પાન અને પુષ્પ અર્પણ કરી વિશેષ પૂજન–અર્ચન કરવામાં આવી હતી.શિવજીને કેવડો ચઢાવી મહિલાઓએ સંતાન સુખ, સુખ–શાંતિ અને પરિવારના કલ્યાણ માટે પ્રાર્થના કરી હતી.કેવડાત્રીજ સાથે પૌરાણિક અને ધાર્મિક કથાઓ જોડાયેલી છે. લોકમાન્યતા મુજબ, ત્રેતાયુગમાં ભગવાન શ્રીરામે લંકા પર વિજય મેળવવા અને સમુદ્ર પાર કરતા પહેલા રામેશ્વર ખાતે રેતીનું શિવલિંગ બનાવી તેની વિધિવત સ્થાપના કરી પૂજા–અર્ચના કરી હતી, ત્યારથી માટી કે રેતીના શિવલિંગ પૂજનની પરંપરા ચાલી આવે છે. આ દિવસે ઉમા–મહેશ્વરનું વિધિવત વ્રત અને પૂજન કરવામાં આવે છે.કેવડાત્રીજ વ્રત ને લઈને શિવ મંદિરો તેમજ આસપાસના ગ્રામ્ય વિસ્તારોના શિવાલયોમાં સવારથી જ ''હર હર મહાદેવ'' અને ''જય ભોલેનાથ'''ના નાદ ગૂંજી ઉઠ્યા હતા. મહિલાઓએ સંપૂર્ણ શ્રદ્ધા સાથે વ્રત રાખી સાંજના સમયે કથા શ્રવણ કરી હતી. બ્રાહ્મણો દ્વારા કેવડાત્રીજ વ્રતની કથાનું સુંદર પઠન કરવામાં આવ્યું હતું, જેનો લાભ અનેક શ્રદ્ધાળુઓએ લીધો હતો. સમગ્ર જીલ્લામાં આ પર્વ ભક્તિ, શ્રદ્ધા અને પરંપરાગત ઉલ્લાસ સાથે સંપન્ન થયો હતો.

# ઘોઘંબાના મોલ ગામેથી રૂા.૩.૬૭ લાખનો ઈંગ્લીશ દારૂ ઝડપ્યો

ઘોઘંબા,

ઘોઘંબા તાલુકાના મોલ ગામે રહેતા ઈસમો પોતાના કબ્જાના મકાનમાં દારૂનો જથ્થો રાખેલ છે. તેવી બાતમીના બીયર ટીન અને દારૂ મળી કુલ રૂા.૩,૬૭,૭,૮૭૧/–નો મુદ્દામાલ ઝડપી પાડવામાં રેઈડ દરમિયાન આરોપી મળી આવ્યો ન હતો.

ઘોઘંબા તાલુકાના મોલ ગામે રહેતા રૂખલીબેન વદેસીંગભાઈ રાઠવાએ પોપતાના ઘરમાં ઈંગ્લીશ દારૂનો જથ્થો રાખેલ છે. તેવી બાતમીના આધારે રાજગઢ પોલીસે રેઈડ કરી હતી. રેઈડ દરમિયાન બીયર ટીન નંગ–૧૩૯૨ કિંમત રૂા.૩,૧૪,૫૯૨/–, ગોવા સ્પીરીટ ઓફ સ્મુથનેશ વ્હીસ્કી કવાટરીયા નંગ–૨૪૦ કિંમત રૂા.૫૩,૨૮૦/– મળી કુલ રૂા.૩,૬૭,૮૭૨/–નો મુદ્દામાલ કબ્જે લેવામાં આવ્યો હતો. રેઈડ દરમિયાન આરોપી મળી આવ્યો ન હતો. આ બાબતે રાજગઢ પોલીસ મથકે પ્રોહિબીશન એકટ હેઠળ ફરિયાદ નોંધાવા પામી છે.